Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

જૈનધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૦ મું.

शार्दुलविक्रीडितम्.

यत्संतोषसुखं यदिंद्रियदमो यच्चेतसः शांतता ।
यद्दीनेषु दयालुता यदपि भीः सत्यामृतास्यंदिनी ॥
औदार्यं धैर्यमनार्यसंगविरतिर्या संगतिः सज्जने ।
एते ते परिणामसुंदरतराः सर्वे विवेकांकुराः ॥ १ ॥

"જે સંતોષરૂપી સુખ છે, જે ઇંદ્રિયોનું દમન છે, જે ચિત્તની શાંતતા છે, જે દીનજનો ઉપર કરૂણા છે, જે સત્યરૂપી અમૃતને ઝરનારી વાણી છે, જે શૂરવીરતા છે, જે ધીરજતા છે, જે અનાર્ય જનોના સંગથી વિરતિ (નિવૃત્તિ) છે, તથા જે સત્પુરૂષની સંગતિ છે, તે સર્વે પરિણામે અત્યંત સુંદર એવા વિવેકરૂપ વૃક્ષના અંકુરા છે. અર્થાત્ આ સર્વે ગુણોમાંથી વિવેક ઉત્પન્ન થાય છે."

સંવત ૧૯૭૦ ના ચૈત્રથી સંવત ૧૯૭૧ ના ફાગણ સુધીના અંક ૧૨

પ્રગટ કર્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

વીર સંવત ૨૪૪૦-૪૧ વિક્રમ સંવત ૧૯૭૦-૭૧

શાકે ૧૮૩૬ સને ૧૯૧૪-૧૫

શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય ૩. ૧)

બહારગામવાળાને ભેટના પોસ્ટેજ સાથે કુલ ૩. ૧।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"હે ભવ્ય પ્રાણીઓ ! આ તમારૂં કેવું અજ્ઞાન ? આ મોહ શો ? આ આત્માનું જ વંચન શું ? આ આત્માની સાથે વૈરભાવ શો ? કે જેથી તમે વિષયોમાં આસક્તિ રાખો છો, સ્ત્રીઓપર મોહ પામો છો, ધનઉપર લોભ રાખો છો, સ્વજનો ઉપર સ્નેહ કરો છો, યુવાવસ્થા ઉપર (તેને જોઇને) હર્ષ પામો છો, પોતાના(શરીરના)રૂપ ઉપર સંતોષ પામો છો, પ્રિય વસ્તુના સમાગમને પુષ્ટ કરો છો, હિત શિક્ષા ઉપર રોષ કરો છો, ગુણોને દૂષિત કરો છો, અમારી જેવાની સહાય છતાં પણ સન્માર્ગથી ભ્રષ્ટ થાઓ છો, સંસારનાં સુખોપર પ્રીતિ રાખો છો, પરંતુ તમે જ્ઞાનનો અભ્યાસ કરતા નથી, દર્શન (સમકિત) ગુણનું પ્રતિપાલન કરતા નથી, ચારિત્રનું અનુષ્ઠાન કરતા નથી, તપ આચરતા નથી, સંયમ (ઇંદ્રિય દમન) ને અંગીકાર કરતા નથી, તથા આત્માને સદ્‌ગુણ સમૂહના પાત્રરૂપ કરતા નથી. હે ભવ્યો ! આ પ્રમાણે વર્તવાથી તમારો આ મનુષ્ય ભવ નિરર્થક છે, અમારી જેવાનું સાન્નિધ્ય નિષ્ફળ છે, તમારા જ્ઞાનનું (સમજણનું) અભિમાન નિષ્પ્રયોજન (નકામું) છે, ભગવાનના દર્શનની પ્રાપ્તિ અકિંચિત્કર (ઠાંઇ પણ કરી ન શકે તેવી) છે, અને તેથી કરીને કેવળ તમારા સ્વાર્થનો નાશજ અવશેષ રહે છે, (નાશજ થાય છે) અને તે સ્વાર્થભ્રષ્ટતા તમારૂં અજ્ઞાનપણું જ જણાવે છે, પરંતુ ચિરકાળે પણ વિષયાદિકમાં સંતોષ થયો નહીં, તેથી તમારી જેવાને આ રીતે બેસી રહેવું યોગ્ય નથી, માટે તમે વિષયોના પ્રતિબંધને તજી દો, સ્વજનોપરના સ્નેહાદિકનો ત્યાગ કરો, ધન અને ઘર ઉપરના મમતારૂપ વ્યસનને છોડી દો, સંસારનાં મળરૂપી સેવાળનો સર્વથા ત્યાગ કરો, ભગવાન સંબંધી (ભગવંતે કહી તે) ભાવદીક્ષાને ગ્રહણ કરો, જ્ઞાનાદિક ગુણસમૂહનો સંચય કરો, તે ગુણસમૂહથી આત્માને પૂર્ણ કરો, અને જ્યાં સુધીમાં અમે તમારી પાસે રહેલા છીએ, ત્યાં સુધીમાં તમે સ્વાર્થને સાધનારા થાઓ—સ્વાર્થ સાધવામાં તત્પર થઈ જાઓ. "

ઉપમિતિ ભવપ્રપંચા કથા.

મુખપૃષ્ટના વાક્યનું ભાષાંતર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦ મા વર્ષની અનુક્રમણિકા.

વિષય. પૃષ્ટ.

૧. પદ્યાત્મક લેખો. (૨૩).

નવવર્ષ પ્રારંભે માંગળિક કાવ્ય (સંસ્કૃત.) ૧
દ્યુત (જુગાર) નિષેધક પદ. (કવિ સાંકળચંદ.) ૩૭
ચોરી નિષેધક પદ. „ ૬૯
પરસ્ત્રીગમન નિષેધક પદ. „ ૧૩૩
વેશ્યાગમન નિષેધક પદ. „ ૧૬૫
મદ્યપાન નિષેધક પદ. „ ૨૦૫
માંસ ભક્ષણ નિષેધક પદ. „ ૩૦૩
શિકાર નિષેધક પદ. „ ૩૦૪
સાધુને એકલા ન રહેવા વિષે. (કુંવરજી ગોકળજી વોરા.) ૮૬
સત્ય જીવન. (દુલભજી વિ. ગુલાબચંદ મહેતા.) ૧૦૧
મોહ નિવારણ પદ. (વિનય વિજયજી.) ૧૩૪
મોહ નિવારણ પદ. (યશો વિજયજી.) ૧૬૬
અભિમાન પચ્ચીશી. (દુલભજી વિ. ગુલાબચંદ મહેતા.) ૨૦૬
દીવાળી કલ્પનું સ્તવન. (કવિ સાંકળચંદ.) ૨૩૭
અધ્યાત્મિક પદો. (પ્રાચીન.) ૨૩૯
જૈન શાસન ઉપવન. (પોપટલાલ પુંજાભાઈ.) ૨૭૦
દુનિયામાં રહેલી મતલબ. (પ્રાચીન.) ૨૭૧
પ્રેમલક્ષણા ભક્તિમય પદદ્વય. (પ્રાચીન.) ૨૭૨
મોહમાયા સ્વરૂપ (પ્રાચીન.) ૩૦૫
અજિત જિન સ્તવન. (માનવિજયજી.) ૩૩૫
સરસ્વતી મહિમા અષ્ટક. (દુલભજી વિ. ગુલાબચંદ મહેતા.) ૩૩૬
અભણ અને પંડિત સ્ત્રીનો સંવાદ. (કવી સાંઠળચંદ.) ૩૬૯
શ્રાવક ગેાગ્ય કરણીની સઝાય. (પ્રાચીન) ૩૭૧

૨. અઢાર પાપ સ્થાનકની સઝાય (૩) (મુનિ કપુરવિજયજી તથા તંત્રી.)

પર પરિવાદ. (૧૬) મું. ૫૪
માયા મૃષાવાદ. (૧૭) મું. ૧૪૧
મિથ્યાત્વ શલ્ય. (૧૮) મું. ૨૪૬

૩. કથાનુયોગના લેખો. (૭)

સાતમા વ્રત ઉપર ધર્મરાજાની કથા. (ભાષાંતર.) ૩૩
આઠમા વ્રત ઉપર સુરસેનની કથા. „ ૧૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવમા વ્રત ઉપર કેશરીની કથા. „ ૧૨૯
દશમા વ્રત ઉપર સુમિત્ર મંત્રીની કથા. „ ૧૯૨
અગ્યારમા વ્રત ઉપર મિત્રાનંદ મંત્રીની કથા. „ ૨૯૮
બારમા વ્રત ઉપર સુમિત્રાની કથા. „ ૩૨૩
ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. (તંત્રી.)
૬૧-૯૩-૧૫૮-૨૫૪-૩૬૧.

ધાર્મિક લેખો. (૧૭).

જ્ઞાનસાર સૂત્ર વિવરણ. (મુનિ કર્પૂરવિજયજી-તંત્રી તથા મૌક્તિક.)
તત્વદૃષ્ટિ અષ્ટકમ્. (૧૯) ૩૮
સર્વ સમૃદ્ધિ અષ્ટકમ્. (૨૦) ૭૦
કર્મ વિપાક ધ્યાનાષ્ટકમ્. (૨૧) ૧૦૩
ભવ ઉદ્વેગાષ્ટકમ્. (૨૨) ૧૩૫
લોક સંજ્ઞાત્યાગાષ્ટકમ્. (૨૩) ૧૬૬
શાસ્ત્રાષ્ટકમ્. (૨૪) ૨૦૮
પરિગ્રહાષ્ટકમ્. (૨૫) ૨૪૦
અનુભવાષ્ટકમ્. (૨૬) ૨૭૨
યોગાષ્ટકમ્. (૨૭) ૩૦૫
નિયાગાષ્ટકમ્. (૨૮) ૩૩૭
પુન્યાષ્ટકમ્. (૨૯) ૩૭૭
સમ્યક્ત્વ રત્ન-એક અત્યાવશ્યક ગુણ. (દુર્લભદાસ કાળીદાસ.) ૧૦૮
સંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમકુલકમ્. (મુનિ કર્પૂરવિજયજી.) ૧૫૩
શ્રી પર્યુષણમાં અવશ્ય આદરવા યોગ્ય વિવેક. („) ૨૧૪
જિન મૂર્ત્તિના પ્રાચીનપણાની સિદ્ધિ. (મૂળ તથા ભાષાંતર). ૩૧૫
પ્રશ્નોત્તર. (તંત્રી.) ૩૫૨
શ્રાવક યોગ્ય દુઃખહરણી કરણીનું કંઈક સવિસ્તર વ્યાન. (મુ. ક. વિ.) ૩૭૩

નૈતિક લેખો. (૧૬).

સુક્ત મુક્તાવળી. (મુનિ કર્પૂરવિજેયજી).
કુશળ પ્રતિજ્ઞા કરીને કુશળતાથી પાળવા હિતવચન. ૭
ઉપશમ-સરળતા ગુણજ સર્વ ગુણમાં સારભૂત છે. ૯
માન્ય મહાત્માઓનું યોગ્ય સન્માન. (અષ્ટમ સૌજન્ય). (મૌક્તિક). ૭૫
શું બોલવું અને શું ન બોલવું ? (નેમચંદ ગીરધરલાલ). ૮૭
સુજ્ઞ જનોએ સજ્જનતા આદરવા કરવો જોઈતો પ્રયત્ન. (મુ. ક. વિ.) ૧૪૭
વાવો તેવું લણો. (નેમચંદ ગીરધરલાલ). ૧૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વ વંદ્ય થવાને લાયક કેમ બનાય? (મુનિ કર્પૂરવિજયજી.) ૧૭૩
ક્ષમાપણા. (ખામણા). ૧૭૪
ઘુત. (શા. પોપટલાલ પુંજાભાઈ). ૧૭૬
જૈન કોમના હિતની ખાતર અગત્યની સૂચનાઓ. (મુ. ઠ. વિ.) ૨૧૭
સદાચાર અને ધર્મ. (ગુલાબચંદ મુળચંદ). ૨૨૯
સાર સુખદાયક સુભાષિત વચનો. (મુનિ કર્પૂરવિજયજી). ૨૮૩
વચન ભંગ. (વકીલ નંદલાલ લલુભાઈ). ૩૧૫
સત્સંગ. (ગુલાબચંદ મુળચંદ). ૩૨૦
સત્સંગ-સમમ સૌજન્ય. (કાપડીયા મોતીચંદ ગીરધરલાલ) ૩૪૧-૩૮૨
બાળકોનો માનસિક વિકાસ. (નેમચંદ ગીરધરલાલ.) ૩૫૪

૬. ઉપદેશાત્મક લેખો. (૪).
સારભૂત તત્ત્વ ઉપદેશ. (મુનિ કર્પૂરવિજયજી) ૧૪૬
છદ્મસ્થપણામાં મહાવીરનો અપૂર્વ સમભાવ. (કુંવરજી આણંદજી) ૨૨૦
મુખ પૃષ્ટના મહાન્ વાકયનો અર્થ અને તેમાં રહેલું રહસ્ય. (તંત્રી) ૨૩૧
જૈન માર્ગદર્શક પ્રશ્નો અને તેના ઉત્તર. (મુ. ઠ. વિ.) ૨૭૮

૭. આરોગ્યોત્તેજક લેખો. (૧).
ભોજન સમયે સાચવવાના નિયમો. (નેમચંદ ગીરધરલાલ.) ૨૮૫

૮. સાહિત્ય સંબંધી લેખો. (૪).
જૈન સાહિત્યમાં કર્મ સંબંધી ગ્રંથોનો વિસ્તાર. (કુંવરજી આણંદજી) ૧૫
જૈન પંચાંગ બનાવવાની રીતિ. (તંત્રી.) ૧૨
ઉપમિતિ ભવ પ્રપંચા કથાની પ્રસ્તાવનાનો અનુવાદ (ભાષાંતર.) ૪૩
જૈનીઝમ. (જૈનધર્મ)-ભાષાંતર. (નેમચંદ ગીરધરલાલ.) ૧૭૬

૯. સામાજિક લેખો. (૫).
જૈન સાહિત્ય સંમેલન (તંત્રી.) ૨૬
શ્રી પાંજરાપોળના કર્તા કારવતાઓનું કોન્ફરન્સ.
(ડૉ૦ રતીલાલ નાનમલાલ.) ૨૬૫
શ્રી મુંબઇ જૈન મહિલા સમાજ. ૩૩૪
જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું નવમું અધિવેશન. ૩૬૮
નવમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ (રિપોર્ટ) ૩૯૩

૧૦. તીર્થ સ્થળવર્ણન. (૧).
ઓસીયા. (તંત્રી.) ૫૯

૧૧. પ્રકીર્ણ. (૧૪).
નવું વર્ષ. (તંત્રી.) ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીગંબરોનો અસત્ય પાદપ્રવેશ. (તંત્રી.) ૩૧
જૈન શાસન અને જૈન એડવોકેઇટ. (તંત્રી.) ૬૭
મુનિ કેવા હોય ? ૧૦૦
સ્થાનકવાસી ભાઇઓને ચેતવણી. (તંત્રી.) ૧૨૨
બાળકોને મહાન્ ઉપમા. ૧૪૦
ધર્મના ફેલાવા અર્થે જૈન પ્રજાએ કરવો જોઇતો પ્રયાસ.
(કકલભાઇ ભુદરદાસ.) ૧૮૭
જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ. (તંત્રી.) ૨૦૦
પુસ્તક પ્રસિદ્ધિનો વાસ્તવિક ઉપયોગ. (જિજ્ઞાસુ) ૨૩૪
હાલમાં ચાલતી લડાઇ અને તેને અંગે ઉપજતાં વિચારો. (તંત્રી.) ૨૩૫
આનું કારણ શું ? (નંદલાલ લલ્લુભાઇ.) ૨૬૫
સત્ય અને શોધક એ બે જૈન બાળકોનો સંવાદ. (મુ. ક. વિ.) ૨૭૭
શ્રીમંત જૈનોને એક જરૂરી અપીલ. (તંત્રી) ૩૦૧
ખોરાક માટે હિંદુસ્તાનમાં ગુજરતું ઘાતકીપણું. ૩૩૩

૧૨. સ્વીકાર અને અવલોકન. (૨).

તત્ત્વાર્થાધિગમ-આગમ પ્રકાશન કાર્ય. (તંત્રી) ૧૧૭-૧૯૫-૨૯૩
પર્યુષણ મહાપર્વ માહાત્મ્ય ૩૨૮

૧૩. વર્તમાન સમાચાર. (૫).

ભાઇશ્રી નાનાલાલ મગનલાલનું આગમન. ૧૬૪
ઉપાધ્યાય શ્રી વિરવિજયજીનું ભાવનગરમાં પધારવું. ૨૦૧
ભાવનગરમાં ઉપધાન-તન્નિમિત મહોત્સવ. ૩૩૦
કાનપુરમાં જીવ દયાની ફતેહ. અંક ૪ મુખ પૃષ્ઠ
લગ્ન પ્રસંગે મહોત્સવ. ૩૯૨

૧૪. ખેદ કારક મૃત્યુની નોંધો. (૮).

સ્વ૦ ભાઈ ચુનીલાલ જૂઠાભાઈ, ૬૮
સ્વ૦ સંઘવી મગનલાલ કુંવરજી ૬૮
સ્વ૦ શેઠ રતનજી વીરજી ૧૬૪-૨૦૩
સ્વ૦ માસ્તર લખુભાઇ ભાઇચંદ અંક ૮ મુખ પૃષ્ઠ
સ્વ૦ શેઠ કાળીદાસ ઉમાભાઇ ,,
સ્વ૦ ભાઇ ગીરધરલાલ જીવણ ,,
સ્વ૦ મુનિરાજશ્રી નયવિજયજી અંક ૯ મુખ પૃષ્ઠ
સ્વ૦ ડા. કાળીદાસ ગોકળદાસ અંક ૧૧ મુખ પૃષ્ઠ

એકંદર નાના મોટા લેખ ૧૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जैन धर्म प्रकाश.

नो जडाः केयमविद्या ? कोऽयं मोहः ? कथमात्मवञ्चनता ? कथमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुब्ध्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तृष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमुत्पश्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारराजनमात्मानमिति । एवं च तिष्ठतां नो नश्यन्ति निरर्थकोऽयं मनुष्यजन्मवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामङ्गत्वमात्मकृयति । न पुनश्चिरादपि विषयादिषु संतापः । तन्न युक्तमेवमासितुं भवदृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमङ्गजांवाञ्छं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक ३० मुं. चैत्र. सं. १९७०. शाके १८३५. अंक १ ला.

नववर्ष प्रारंभे
महा मांगलिक काव्य.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूजां विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनं वचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्याश्च सद्भावनाः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થ—દેવેંદ્રોએ પૂજેલા તીર્થંકરો નિર્મળ પૂજા કરવા પૂર્વક વાંદવા યોગ્ય છે, પૂજ્યપાદ મુનિ મહારાજાઓ સેવવા લાયક છે, શ્રી જિનેશ્વરનું વચન સાંભળવા યોગ્ય છે, દૃઢ શીલવ્રત અત્યંત પાળવા લાયક છે, નિર્મળ તપ કરવા લાયક છે, પંચ નમસ્કાર (નવકાર) ધ્યાવા લાયક છે, તથા સદ્‌ભાવના નિરંતર ભાવવા લાયક છે.

નવું વર્ષ.

પરમ કૃપાળુ પરમાત્મા કે જેઓ અનાથના નાથ, અશરણના શરણ, નિષ્કારણ બંધુ, ભક્તવત્સાળ, દીનજનોના આધાર, સર્વગુણસંપન્ન, સર્વ દોષ રહિત, અનંત ચતુષ્ટયના ભોક્તા, શુદ્ધ ઉપદેશના દાતા, વિશુદ્ધ માર્ગના ઉપદેશક, અનંત જીવોના ઉદ્ધારક, પરમ દયાળુ, પરમ કૃપાળુ, પરમ શાંત, પરમ દાંત, પરમ નિઃસ્પૃહ, અપુનરાવર્ત્ત સ્થિતિને પામેલા અને સર્વ દેવોમાં અગ્રણી દેવાધિદેવ છે તેમને ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર, પ્રણામ, વંદન કરીને હું ત્રીશમા વર્ષમાં પ્રવેશ કરું છું. હવે મારી લઘુ વય વ્યતિત થઈ ગઇ છે ને પ્રૌઢ વય પ્રાપ્ત થઇ છે. મારા અંગીભૂત લેખોની સ્થિતિ કે જેનાવડે મારી વયની તુલના થઇ શકે છે તે તો પ્રાયે પ્રારંભથીજ બીજી અથવા ત્રીજી વયને યોગ્યજ હતી અને છે. પરંતુ તે મહત્તા મારી ઉપર કૃપાળુ ગુરૂમહારાજનો દયાળુ હાથ છે તેનીજ છે. મારા ઉત્પાદક ને પોષકોની ઉપર તેમની પરમ કૃપા છે. મનુષ્ય ગતિમાં વર્તતા ત્યારે જેવી હતી તેવીજ કૃપા અત્યારે પણ વર્તે છે તેને માટે ઘણા વિશ્વસનીય આધારો દૃષ્ટિગોચર થાય છે. હવે દિનપરદિન વયમાં વૃદ્ધિ થવાથી મારી જોખમદારી, જવાબદારી પણ વધતી જાય છે એમ હું સમજી શકું છું. પરમાત્માની કૃપાથી હું મારી ફરજ સમજીને તેને યોગ્ય પ્રવૃત્તિમાંજ પ્રવર્તમાન થયેલ છું ને થનાર છું.

ગતવર્ષમાં અનેક પ્રકારના આત્મિક લાભને મેળવી આપનારા અને પરમાત્માની વાણીવડે વાસિત થયેલા લેખો આપવાવડે મારા આત્મા (અંગ) ને સુગંધિત કરેલ છે. કુલ સંખ્યાએ ૭૪ લેખો દાખલ થયેલા વાર્ષિક અનુક્રમણિકામાં ગણાવ્યા છે; પરંતુ તેની અંદર પાપસ્થાનકોની સઝાયોનું વિવેચન, જ્ઞાનસાર સૂત્ર વિવરણ, શ્રાવકના વ્રતોપરની કથા અને સૂક્તમુક્તાવળીમાં અવાંતર લેખો ૨૪ આવેલા હોવાથી એકંદર સંખ્યા ૯૪ ની થવા જાય છે. તેમાં પદ્ય લેખો ૧૬ દાખલ કરવામાં આવ્યા છે. તેમાંના ૯ લેખો તો પ્રસિદ્ધ કવિ સાકળચંદ ભાઈના છે કે જે અસર કરવાની જાણતમાં બહુ શ્રેષ્ઠ ગણાયેલા છે. નવા જમાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધીની તેમની કવિતાએ ઘણા ભાઇઓના દિલનું રંજન કર્યું છે. બીજાં બાળા અને બહેનોને હિતશિક્ષાના અને સ્ત્રીઓને હિતશિક્ષાના પદ્યો પણ પૂરા અસર કારક છે. પાંચમી છઠ્ઠી ભાવનાના પદ્ય પણ સુંદર છે. મનપ્રબોધક પદ ને પિંડપિંજર સંબંધી પદ્ય પણ વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવાં છે. પ્રારંભના અંકમાં મૂકેલ નૂતન વર્ષ સાથેનું અભણ ને વિદ્વાનના સંવાદવાળું પદ પણ વાંચવા લાયક છે. પદ્યના બીજા લેખક **માવજી દામજી શાહ** છે. તેમણે બે પદ્ય લેખ મોકલ્યા છે તે સંસ્કૃત કાવ્યોના અનુવાદ રૂપ છે, અને એક પુસ્તક ભંડારોને લગતો છે. બે પદ્ય લેખ **પોપટલાલ ગોવિંદજી સાંગાણીના** છે, એક **ગોપાળજી કીરતચંદ** નો છે ને એક છેલ્લો ગૃહસ્થના (માર્ગાનુસારીના ૩૫ ગુણરૂપ) સામાન્ય ધર્મને લગતો **મેતા દુર્લભજી ગુલાબચંદનો** છે.

પદ્ય લેખો ઉપરાંત ગદ્ય લેખો ૫૮ પૈકી મોટી સંખ્યા તો **મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી** મહારાજની છે. તેમણે અવાંતર ભેદ ન ગણીએ ત્યારે ૧૮ લેખ લખેલા છે. અવાંતર જુદા જુદા ગણીએ તો ૩૩ થાય છે. તેઓ સાહેબના લેખો પૈકી પ્રથમ સૂક્ત મુક્તાવળીના લેખમાં ચાર પુરૂષાર્થ પૈકી પ્રથમના ધર્મ પુરૂષાર્થમાંથી દેવ, ગુરૂ, ધર્મ, જ્ઞાન, મનુષ્ય જન્મ, સજ્જન, ગુણ ને ન્યાય સંબંધી પ્રારંભના ૮ વિષયો લઈને આઠ લેખો લખેલા છે. તે દરેક અસરકારક છે. જ્ઞાનસાર સૂત્ર વીસરણના લેખમાં ૧૫-૧૬-૧૭-૧૮ આ ચાર અષ્ટકનું વીવરણ કરેલું છે. પાપસ્થાનકો દશમાથી પંદરમા સુધીની છ સઝાયો અર્થ સાથે લખેલી છે. જેની ઉપર કિંચિત્ વિવેચન તંત્રી તરફથી પણ લખાયેલ છે. આ શિવાય પ્રશમ રતિ સંબંધી અપૂર્ણ લેખને આગળ ચલાવ્યો છે. તે માત્ર એક અંકમાં જ આપેલ છે. તે શિવાય જુદા જુદા વિષયને અંગે તેમણે લખેલા નાના મોટા ૧૪ લેખો છે. તેમાં ચાર લેખો વીશ સ્થાનકાદિ તપને લગતા છે. દરેક લેખના નામો લખવાની અહીં આવશ્યકતા નથી; કારણ કે લેખકના નામ સાથે તે વાર્ષિક અનુક્રમણિકામાં જણાવેલા છે. આ અધ્યાત્મ રસિક મહાત્મા અપૂર્વ લેખો લખીને મારૂ અંગ શોભાવે છે, એટલું જ નહીં પરંતુ અનેક જીવોનું તે દ્વારા હિત કરે છે અને ભવ્ય જીવોને સન્માર્ગ સૂચવી પોતે ધારણ કરેલા **સન્મિત્ર** નામને સાર્થક કરે છે.

એ મહાત્મા શિવાય બીજે નંબરે **તંત્રીના** લખેલા ૮ મોટા લેખો છે. બાકી વર્તમાન સમાચાર અથવા વર્તમાનચર્ચાને લગતા નાના મોટા ૧૭ લેખોમાં પણ મોટો ભાગ તંત્રીનોજ લખેલો છે. મોટા લેખો પૈકી ચંદ્રરાજાના રાસ ઉપરથી નીકળતા સારનો લેખ ૪ અંકમાં આપેલ છે. હવેથી બે લેખ બનતાં સુધી વધારે અંકોમાં આપવા તેમની ઇચ્છા વર્તે છે; કારણ કે વાંચકોનો મોટો ભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે લેખ પ્રતિ વિશિષ્ટ વાંચ્છા ધરાવતો જણાય છે. જૈનાગમ પ્રકાશન સંબંધી ચાલુ થયેલા કાર્ય પરત્વે બે લેખ લખેલા છે. તેમાંના બીજા લેખમાં તો દ્રવ્યાનુયોગ તર્કણાના હિંદી અર્થનું અવલોકન પણ કરેલું છે. આ હકીકત ખાસ ધ્યાન આપવા લાયક છે. જૈનસૂત્રો, તેની ટીકાઓ અને ભાષાંતરો અલ્પજ્ઞ અને અનધિકારી મનુષ્યોના હાથે તૈયાર થવાથી ને છપાવાથી જૈનશાસનને પારાવાર હાનિ થવાનો પ્રબળ સંભવ છે. દરેક સુજ્ઞ મુનિમહારાજ તેમજ શ્રાવકો તેવો વિચાર ધરાવે છે, છતાં હાલની સ્થિતિ **अराजकं जगत्** જેવી હોવાથી તે કાર્યને કોઇ અટકાવી શકતું નથી. અલ્પજ્ઞ અને જૈન સિદ્ધાંતોના અનુભવ વિનાના પંડિતમન્યો કેવો અર્થનો અનર્થ કરે છે તે અમે અમારા સદરહુ લેખમાં બતાવેલું છે અને આગળ ઉપર હજુ પણ તત્ત્વાર્થ વિગેરેના કરેલા હિંદી અનુવાદ ઉપરથી બતાવી આપવાના છીએ. તંત્રીનો લખેલો તપચિંતવનનો લેખ રાત્રિ પ્રતિક્રમણ કરનારા દરેક શ્રાવક ભાઇઓએ લક્ષપૂર્વક વાંચવા યોગ્ય છે, અને સોપક્રમી કર્મવિચ્છેદના હેતુવાળો છેલ્લા અંકમાં આપેલો લેખ આત્મોન્નતિના ઇચ્છક ભવ્યોએ જરૂર લક્ષ આપવા યોગ્ય છે. તે શિવાયના ત્રણ લેખો સંબંધી કાંઇ વિશેષ જણાવવા જેવું નથી.

તંત્રી શિવાય **મૌક્તિક**ના લખેલા ત્રણ લેખો છે, તે દરેક ઘણા લંબાણ છે. તીર્થયાત્રાના લેખમાં તીર્થયાત્રા સંબંધી પ્રીલોસોપ્રી બતાવેલી છે. મેવાડ મારવાડના કેટલાક તીર્થસ્થળોવાળો લેખ ૪ અંકમાં આપીને પૂર્ણ કરેલો છે, અને હૃદયદ્રાવક સંધ્યાવાળો લેખ એક અંકમાંજ આપેલો છે; પરંતુ તેણે ૧૩ પૃષ્ટ રોકેલા છે. એ ત્રણે લેખો ખાસ વાંચવા લાયક છે. તે શિવાય **वासुपूज्य चरित्र**માંથી પ્રથમના છ વનો ઉપરની પૃથક પૃથક છ કથાઓ ભાષાંતર કરીને આપવામાં આવી છે. આઠમી કોન્ફરન્સના બંને પ્રમુખના બંને ભાષણો હિંદીમાં આપેલા છે. સુકૃત ભંડાર સંબંધી એક લેખ આપેલો છે, તે ચાર લેખો લેખકના નામની અપેક્ષા વિનાના છે. ઉપરાંત બે લેખ **મુનિરાજશ્રી ચંદનવિજયજી**ના ઇંગ્રેજી ભાષાથી મિશ્ર છે, એક લેખ **મુનિરાજશ્રી રત્નવિજયજી**નો જગદ્‌ગુરૂ શ્રી હીરવિજયજી સંબંધી છે, એક લેખ **માવજી દામજી શાહ**નો અહિંસા દિગ્દર્શનના અનુવાદનો છે તે અપૂર્ણ છે, એક લેખ **નેમચંદ ગિરધરલાલ**નો છે, એક લેખ કાળધર્મ પામી ગયેલા **મુનિરાજશ્રી પુણ્યવિજયજી**નો લખેલો તપ સંબંધી છે, એક ઇંટાલીથી આવેલા પત્રને લગતો લેખ એક વકીલે લખ્યો છે અને છેલ્લો લેખ **બાઈ વાલી વીરચંદે** વિધવાઓના હિત માટે લખેલો છે. એ રીતે પરચુરણ પરભાર્યા લેખો એકંદર ૧૫ ની સંખ્યામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર જણાવ્યા શિવાયના ૧૭ લેખો વર્તમાન ચર્ચા અથવા વર્તમાન સમાચારને લગતા છે. તેમાં ૪–૫ લેખ તો જીવદયાને લગતા છે, તે જીવદયા પ્રચારક ફંડના વહીવટ કર્ત્તા ઝવેરી લલુભાઈ ગુલાબચંદના મોકલેલા પ્રસિદ્ધ કર્યા છે. ત્રણ લેખ કપડવંજમાં માંગલિક પ્રસંગ, ગોધામાં દીક્ષા મહોત્સવ અને અમદાવાદમા ઉજમણાનો મહોત્સવ તેને લગતા છે તે ખાસ વાંચવા લાયક છે. બીજા નાના મોટા ચાલતા પ્રસંગને લગતા નોંધ કરી રાખવા લાયક લેખો છે, જેમાં આબુજી તીર્થમાં દેરાસરની અંદર પગરણા પહેરીને નહીં જવા સંબંધી નામદાર સરકારે કરેલા ઠરાવની નકલ મુખ્ય છે. પ્રાંતે જોધપુરમાં મળેલા જૈન-સાહિત્ય સંમેલનને લગતો તેની હીલચાલ જાહેર કરનારો લેખ છે. એ પ્રમાણે વર્તમાન સમાચારને લગતા ૧૭ લેખો સમાપ્ત થાય છે.

ગતવર્ષમાં ઉપર જણાવ્યા પ્રમાણેના ચિત્રવિચિત્ર પરંતુ જિનવાણીના રહસ્યને સૂચવનારા, જિનવાણીમાં રમણ કરાવનારા અને જિનાજ્ઞાને અવલંબીને તેની હદમાંજ રહીને લખાયેલા લેખો છે. કોઈ પણ લેખ અથવા તેનો વિભાગ જૈન નામ ધરાવનારા લેખકોએ અથવા તેવા નામવાળા માસિકોએ કે ન્યુસપેપરોએ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરે તેવા પ્રકારનો લખવો કે દાખલ કરવો નજ જોઇએ. જાહેર બબરો પણ જૈન નામ ધરાવીને સાંઢાના તેલ જેવી હિંસક અથવા અનંગ વિલાસ યાકુતિ જેવી ક્ષોભોત્પાદક પૈસાના લોભથી દાખલ કરવી ન જોઇએ. આ સંબંધમાં બીજે પ્રસંગે તંત્રી તરફથી વધારે લખવામાં આવનાર હોવાથી અહીં વધારે સૂચવવાની આવશ્યકતા નથી. આટલી હકીકત પણ મારૂં અંગ શોભાવવાને માટે લેખ લખવા ઇચ્છનારા મારાપર ઉપકાર કરનારા હોઇને પોતાના આત્માને અને મારા અંગને ત્રણરૂપ થાય તેવા લેખ કે લેખાંશ ન લખે અને મારા અન્ય બંધુઓ પણ તે વાત ધ્યાનમાં રાખે તેને માટે સૂચવી છે.

હવે નવા શરૂ થયેલા વર્ષને માટે મારા પોષકો મને કેવા પ્રકારનું પોષણ આપવાના છે તે મારૂં ને તેમનું અંતઃકરણ એક હોવાથી હું જાણી શકું છું તેથી મારા વાંચક બંધુઓ પાસે પ્રદર્શિત કરૂં છું. પદ્યલેખક કવી તો સાત વ્યસન ઉપર અને બાકી રહેલી ભાવનાઓ ઉપર પદ્યો લખવાના છે. પ્રસંગોપાત ઉપદેશક અને વૈરાગ્યોત્પાદક વિષયપરત્વે પણ પદ્યો આપશે. બીજા પદ્ય લેખકો સ્વસ્વઇચ્છાનુસાર લેખો મોકલશે, તેમાંથી જે મહત્ત્વવાળા ધ્યાનમાં આવશે તેજ મારા અંગ તરીકે પ્રગટ થશે. ગદ્ય લેખકો પૈકી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી તો પોતાની લેખિનની શરૂજ રાખવાના છે. તેમના મુખ્ય વિષય પાપસ્થાનકની સઝાયો, જ્ઞાનસાર બહોતેર બાવીસી, પ્રશમરતિ અને સૂક્તમુક્તાવળી એ ચાર તો ચાલુજ છે. તે આગળ વૃદ્ધિ પામશે અને પ્રસંગોપાત બીજા લેખો પણ લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા પર ને મારા વાંચનારાઓ ઉપર અનુગ્રહ કરશો. તંત્રી તરફથી આસ લેખ તો ચંદ્રરાજાના રાસપરથી નીકળતા સારનો ચાલે છે. તે હવે પછી બનતાં સુધી દરેક અંકમાં આપવામાં આવશે. ઉપરાંત પ્રસંગને અનુસરતા, વિધિવિધાનને લગતા, પુસ્તકોના અવલોકનવાળા, બ્હોર સંસ્થાઓને લગતા, રાજકીય વિષયનો બોધ કરાવનારા, નોંધ કરી રાખવા લાયક બનાવોને પ્રદર્શિત કરનારા તેમજ જિનાજ્ઞાથી વિરૂદ્ધ પ્રવૃત્તિ કરનારને અટકાવનારા લેખો લખવામાં આવશે. સૈદ્ધાંતિક તરફથી સૈાજન્યને લગતા બાકી રહેલા લેખો તેમજ અન્ય ઉપયોગી લેખો લખવામાં આવશે. તેના લઘુબંધુ તરફથી ઇંગ્રેજી બુકોમાંથી સાર ગ્રહણ કરીને લખાયેલા નવી જાતની પ્રસાદી ચખાડનારા પણ નીતિને પુષ્ટિ આપનારા, વ્યવહારને શુદ્ધ કરનારા અને અક્કલને ઉત્તેજિત કરનારા લેખો આપવામાં આવશે. વાસુપૂજ્ય ચરિત્ર માંહેની બાકી રહેલા છ વ્રત ઉપરની કથાઓના ભાષાંતરો આપવામાં આવશે અને અન્ય વિદ્વાન લેખકો તેમજ સુજ્ઞ મુનિ મહારાજ પણ પોતાની લેખિનીનો અપૂર્વ આસ્વાદ ચખાડશે આ પ્રમાણેના અલંકારોથી મારૂં અંગ વિભૂષિત થશે.

ગત વર્ષમાં મહાન્ પ્રસંગ જૈન સમુદાયને લગતો માત્ર એકજ બનેલો છે, અને તે જોધપુરમાં મળેલું જૈન સાહિત્ય સંમેલન છે. તેને લગતી હકીકત થયેલા ઠરાવો સાથે આ અંકમાંજ પ્રગટ થવાની હોવાથી તે વિષે અહીં વધારે લખવાની આવશ્યકતા નથી. આ સંમેલનમાં જે કે જોઇએ તેટલી સંખ્યામાં વિદ્વાનોનું–જૈનકોલીને સમજે તેવા જૈનવિદ્વાનોનું એકત્ર મળવું થયું નહોતું, પરંતુ તેટલા ઉપરથી તેવા સંમેલનની આવશ્યકતા ઓછી થતી નથી; તેની આવશ્યકતા તો જેવી જૈન કોન્ફરન્સ મળવાની આવશ્યકતા છે તેટલીજ છે. પછી સંપની બાબી વિગેરે કારણોને લઈને જોઇએ તેવી ઉન્નત સ્થિતિમાં ન મળે તો તેમાં મેળવનારની કે મળેલ જોવાની શુભેચ્છાવાળાની બામી નથી.

ગતવર્ષ તેમજ પ્રસ્તુત વર્ષના સંઘમાં જરૂર પૂરતું દિગ્દર્શન કરાવીને પ્રાંતે મારા ઉત્પાદકો, પોષકો તેમજ સહાયકો, વાંચકો, ઉન્નતિ ઇચ્છકો અને જૈનશાસન રસીકો, જિનાજ્ઞાપાલકો, જૈનોન્નતિકારકો એ સર્વને માટે પરમાત્માની કૃપા થવારૂપ આશિર્વચન ઉચ્ચારી, મારે માટે પણ તેમની કૃપાનીજ વાંચ્છા કરી, તેને માટેજ પ્રાર્થના કરી, હું મારી ફરજ બજાવવા–મારા પોષકોને યશકીર્ત્તિ અને આત્મોન્નતિ પ્રાપ્ત કરાવવા તેમજ મારા સહાયકોના દ્રવ્યને સફળ કરવા આગળ વધું છું. પરમાત્માની કૃપાથી મારો માર્ગ અવિચ્છિન્ન નિર્વિઘ્ન થાઓ.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂક્તમુક્તાવળી.

કુશળ પ્રતિજ્ઞા કરીને કુશળતાથી પાળવા હિતવચન.

શુભ અશુભ જિ કાંઇ, આદર્યું જે નિવાહે,
રવિ પણ તસ જોવા, ચોમ જાણે વગાહે;
કરી ગહિત નિવાહે, તાસને સત્ત આપે,
મલિન તનુ પખાળે, સિંધુમાં સુર આપે. ૨૧
પૂરૂપ રયણ મોટા, તે ગણીજે ધરાએ;
જિણ જિમ પડિવજ્યું, તે ન છાંડે પરાએ;
ગિરીશ વિષ ધર્યો જે, તે ન અદ્યાપિ નાખ્યો,
દુરગતિ નર લેઇ, વિક્રમાદિત્ય રાખ્યો. ૨૨

પ્રતિજ્ઞા ઘણા પ્રકારની હોય છે, તેમ ઘણી રીતે તે પ્રતિજ્ઞા કરવામાં આવે છે. કોઈ પણ કાર્ય મનથી, વચનથી કે કાયાથી કરવાની કબુલાત આપવી, સંકલ્પ કરવો, નિશ્ચય બાંધવો એ તે કાર્ય સંબંધી પ્રતિજ્ઞા કરી કહેવાય છે. પ્રતિજ્ઞા કરી એટલે તે કાર્ય કરવું જ. પછી જે શરતથી જેટલા સમયે (કાળ-મર્યાદાથી) જેવી રીતે કરવા કબુલ્યું હોય તેમ તે કાર્ય કરવું જ જોઇએ; અને એથીજ કોઇ પણ કાર્ય કરવાની કબુલાત આપ્યા પહેલાં આ કાર્ય કેવું છે? કરવું શકય છે કે અશકય છે? વળી આસપાસના સ્થિતિ સંયોગો કેવા છે? અનુકૂળ કે પ્રતિકૂળ? એ બધી વાત લક્ષમાં રાખવી જોઇએ. દીર્ઘદર્શી, વિચારશીલ અને શકય આરંભને કરનાર પોતાની આદરેલી પ્રતિજ્ઞા પૂરી કરી શકે છે, અને એથી પણ આગળ વધી શકે છે. તીર્થંકર જેવા સમર્થ જ્ઞાની પુરૂષોના ચરિત્રોમાં પ્રસ્તાવે કહેવામાં આવ્યું છે કે તેઓ ' **દક્ખે, દક્ખ પઇન્ને** ' એટલે ડાહ્યા અને ડહાપણ ભરેલી પ્રતિજ્ઞાને કરનારા હતા. તેઓ જેમ તેમ જેવી તેવી (પાછળથી પોતાને ઘણી કઠોડી સ્થિતિમાં લાવી મૂકે એવી ગાંડી) પ્રતિજ્ઞા કરતા નહિ, અને ગ્રહણ કરેલી (નિપુણતાથી દીર્ઘદર્શીપણે શકય જાણીને આદરેલી) પ્રતિજ્ઞાને ગમે તેટલો આત્મભોગ આપીને પણ પૂર્ણ કરતા. ઉત્તમ પ્રતિજ્ઞા એવી હોવી જોઇએ. ચ્હાય તો મહા ભગીરથ પ્રતિજ્ઞા હોય કે અલ્પ પ્રતિજ્ઞા હોય. ગમે તેવી શુભ પ્રતિજ્ઞાથી લગારે ડગ્યા વગર આદરેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા પૂરતો પ્રયત્ન પ્રાણાંત સુધી કર્યા કરવો એ ઉત્તમ કોટિવાળાનું લક્ષણ છે. મધ્ય કોટિવાળા કંઇ પણ કાર્ય વિશેષ લાભવાળું જાણી કરવા પ્રતિજ્ઞા લે છે પણ ઉક્ત કાર્ય કરતાં આવી પડેલાં વિઘ્નોથી ડરી જઇ તે કાર્ય પડતું મૂકી દે છે. ત્યારે જે નિકૃષ્ટ કોટિના કાયર જનો હોય છે તે તો ગમે તેવાં લાભકારક કાર્ય સંબંધી પ્રતિજ્ઞા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરતાં પહેલાંજ કંપી ઉઠે છે. આવા કાયર-નિર્બળ મનનાં માણસો કંઇ મહત્વની પ્રતિજ્ઞા કરવાને લાયકજ નથી. અન્યના આગ્રહથી કે દાક્ષિણ્યતાદિકથી કદાચ તે કંઇ શુભ કાર્ય કરવા પ્રતિજ્ઞા કરે છે તો તે બહુધા પૂરી કરી શકતા જ નથી. જો કે ગમે તે શુભ કાર્ય કરવા પ્રતિજ્ઞા કરીને તે પાતાનેજ પાળવાની છે, પરંતુ ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞાનું વિસ્મરણ ન થાય, કદાચ દૈવયોગે વિસ્મરણ થયું તો તેનું સંસ્મરણ કરાવી શકાય એ આદિ અનેક શુભ હેતુથી **પંચ સાક્ષિક** પ્રતિજ્ઞા કરવા-કરાવવાનો વ્યવહાર પ્રચલિત છે. લૌકિક પણ મહત્વના કામ **પંચ સાક્ષિક** કરવાં પડે છે તો પછી લોકોત્તર શુભ કાર્યનું કહેવુંજ શું? તેમાં તો ' [1]અરિહંત, [2]સિદ્ધ, [3]સાધુ, 'શાસનદેવતા અને 'પ્રતિજ્ઞા કરાવનાર આત્મા ' એ **પંચ સાક્ષિક** પ્રતિજ્ઞા કરવામાં આવે છે. અને પ્રતિજ્ઞા કરનાર ગુરૂને સાથે ગણતાં ષટ્ (છ) સાક્ષિક પ્રતિજ્ઞા થાય છે. શાસ્ત્ર વચનને માન આપી ઉક્ત સાક્ષિ પૂર્વક જે શુભ પ્રતિજ્ઞા કરવામાં આવે છે તે પાળવામાં ઘણી સરલતા થઇ જાય છે અને જે કોઇ આપ ઇચ્છાથી કેવળ આત્મસાક્ષિકજ પ્રતિજ્ઞા કરે છે તેને જ્યારે કર્મયોગે પ્રતિજ્ઞાથી ચૂકી જવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને ઉદ્ધરનાર એટલે ચોગ્ય ટેકો આપી પાછો પ્રતિજ્ઞામાં જોડનાર કે સ્થિર કરનાર ભાગ્યેજ મળે છે. તેથી કદંક જીવો નીચે ગબડી પડે છે, એ દોષ વ્યવહાર માર્ગનો અનાદર (ઉપેક્ષા) કરવાથી પ્રાપ્ત થાય છે. તેથી સુજ્ઞ જનો વ્યવહાર માર્ગનો અનાદર કરતા-કરાવતા કે અનુમોદતા નથી કેમકે એમ કરતાં તો વ્યવહારનો લોપજ થઇ જાય અને એથી સર્વજ્ઞ-આજ્ઞાની પણ વિરાધના કરી કહેવાય. એમ હોવાથીજ જો કે સહુ આત્માઓ સત્તાએ સમાન છે તો પણ ગુરૂ શિષ્યાદિકનો તેમજ વ્રત પચ્ચખાણાદિક લેવા દેવાનો પણ વ્યવહાર પ્રવર્તે છે, અને એ રીતે વ્યવહાર ધર્મનું સરલપણે સેવન કરતાંજ આત્મા અનુક્રમે અનાદિ વિષય વાસનાને તેમજ મિથ્યાત્વ કષાયાદિક દોષજાળને છેદી શુદ્ધ સ્ફટિક સમાન નિજ શુદ્ધ સ્વભાવને પ્રગટ કરી શકે છે. માટે ઠીકજ કહ્યું છે કે-

" મારગ અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ ક્રિયા બહુ જગ કરે, સોભિ ભવજલ મીન. "

(સમાધિ તંત્ર)

તેમજ—

" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર. મનમોહન જિનજી ! "

એ આદિક પ્રમાણે નિર્દંભપણે શાસ્ત્ર વચનાનુસારે શુદ્ધ લક્ષ પૂર્વક શિષ્ટ જનોએ કહ્યો કે શ્રી તીર્થંકર ગણધર પ્રમુખે આચરેલો અને પ્રરૂપેલો વ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગ સ્વહિત રૂપ સમજી નિષ્ઠામ બુદ્ધિથી સેવવા યોગ્ય છે, એમ પૂરવાર કરે છે. આટલું પ્રસંગોપાત ઉપયોગી જાણીને હવે ફરી મૂળ મુદ્દા ઉપર આવશું. પ્રતિજ્ઞા ગ્રહણ કરવાના સંબંધમાં નીતિશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે " જે કાર્ય કરવું શક્ય ન હોય અથવા તો તે કરવા પૂરતું આપણું વીર્ય ઉત્થાન કહો કે સામર્થ્ય પણ ન હોય તો તેનો આરંભજ ન કરવો એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે અને આરંભેલા કાર્યનો યથાર્થ નિર્વાહ કરવો એ બુદ્ધિનું બીજું લક્ષણ છે." મતલબ કે સહુએ યથાશક્તિ-સ્વશક્તિ ગોપવ્યા વગર સ્વસ્વ ઉચિત શુભ કાર્ય કરવાં જ જોઇએ. કોઇપણ કાર્ય ગમ્ન ઉપરાંત કરવાથી મૂળતા ક્ષતિ ન આવે એટલા માટે ઉપકારી એવા જ્ઞાની પુરૂષો આપણને સાવચેતપણે હિતકાર્ય કરવા શિખામણ આપે છે કે-જે કાર્ય પરમાર્થ સમજીને યોગ્ય વિધિથી કરવામાં આવે છે તે આપણને પરિણામે રસદાયી અને લાભદાયી નીવડે છે. જે સજ્જનો સ્વ-પ્રતિજ્ઞામાં સુદૃઢ રહે છે તેઓ મહાપુરૂષની પંક્તિમાં લેખાય છે. તેમની પ્રસંગે કસોટી પણ થાય છે. તેવે પ્રસંગે જ પોતાની અટલ ટેકની ખાત્રી થઇ શકે છે. ઉત્તમ કોટિના જનો તો પોતાની પ્રતિજ્ઞામાં બહુજ અડગ રહે છે. ખરેખર એઓ પ્રશંસવા યોગ્ય જ છે.

આ પ્રસંગે કહેવું ઉચિત છે કે નીતિશાસ્ત્રમાં તેમજ ધર્મશાસ્ત્રમાં કુશળ હોય છે તો સ્વોચિત પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં તથા તેનું કાળજીથી પાલન કરવામાં કુશળતા દાખવી શકે છે, અન્યથા ગ્રહણ કરેલી પ્રતિજ્ઞામાં સ્ખલના થઇ જવાનો ભય કાયમ રહે છે. પ્રતિજ્ઞા કરવામાં જેટલા પુરૂષાર્થની જરૂર છે તેથી અધિક પુરૂષાર્થની જરૂર પ્રતિજ્ઞાને કુશળતાથી પાળવામાં રહે છે. તેથી જે ભવ્યાત્માઓ પોતાના પુરૂષાર્થનો ઉપયોગ ઉપકારી-જ્ઞાની ગુર્વાદિકની હિતશિક્ષા અનુસારે કરવા તત્પર રહે છે તે સ્વ ઉચિત પ્રતિજ્ઞાને આદરી સુખે પાળી શકે છે. અને એમ કરીને અન્ય અનેક આત્માર્થી સજ્જનોને ઉત્તમ દૃષ્ટાંતરૂપ પણ થઇ શકે છે. આપણુ સહુકોઇને એવી સદ્બુદ્ધિ અને એવું આત્મબળ પ્રાપ્ત થાઓ! છેવટે સત્ય (કુશળ) પ્રતિજ્ઞા કરીને તેને કુશળતાથી પાળનારા પુરૂષાર્થી[1] સજ્જનોને આપણો પુનઃ પુનઃ નમસ્કાર !!!

૧૦ ઉપશમ–સરળતાગુણજ સર્વ ગુણમાં સારભૂત છે.

ઉપશમ હિતકારી, સર્વદા લોકમાંહી,
ઉપશમ ધર પ્રાણી, એ સમો સૈખ્ય નાંહી;
તપ જપ સુર સેવા, સર્વ જે આદરે છે,
ઉપશમ વિણ જે તે, વારિ મંથ્યા કરે છે. ૨૩

૧ સંયમ ધુરાને ધરનાર અને નિર્વહનાર મહા સત્ત્વશાળી સાધ્વાદિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપશમ રસલીલા, જાસ ચિત્તે વિરાજી,
કિમ નરભવ કેરી, ઋદ્ધિમાં તેહ રાજે;
ગજ મુનિવર જેહા, ધન્ય તે જ્ઞાન ગેહા,
તપ કરી કૃશ દેહા, શાંતિ પિયુષ મેહા. ૨૪

"उवसम सार खु सामन्नं"—ઉપશમ પ્રધાનજ ચારિત્ર વખાણ્યું છે. અથવા **" ઉપશમ સાર છે પ્રવચને "** જૈનશાસનમાં ઉપશમ-નિષ્કષાયતાનેજ પ્રધાન ગુણ તરીકે વખાણેલ છે તેથી એ ઉત્તમ ગુણની પ્રાપ્તિ કરવી, તેનું યત્નથી રક્ષણ કરવું, તેમજ તેની પુષ્ટિ કરવી અગત્યની છે. શ્રીમાન્ ઉપાધ્યાયજી સમતા શતકમાં કહે છે કે—

ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત;
દયા વેલ મંડપ તળે, રહો લહો સુખ મિત્ત.
દ્વેત ખેદ વર્જિત ક્ષમા, ખેદ રહિત સુખ રાજ;
તામે નહિં અચરજ કછુ, કારણ સરિખો કાજ.

ભાવાર્થ—હે ભવ્ય જનો ! ક્ષમા (Tolerance) રૂપ શ્રેષ્ઠ ચંદન રસ તમારા પવિત્ર ચિત્તને સિંચો, તેમજ દયારૂપ મનોહર લતામંડપ તળેજ રહો અને હે મિત્રો ! સ્વભાવિક શાન્તિને અનુભવો. જે ભવ્યાત્મા કંઈ પણ કચવાટ વિના સ્વકર્તવ્ય સમજી સહનશીલતા રાખે છે તે અખંડ સુખશાન્તિનો અદ્‌ભુત લાભ મેળવી શકે છે. તેમાં કંઈ આશ્ચર્ય નથી. કેમકે જે ઉત્તમ કારણનું યથાવિધ સેવન કરવામાં આવે છે તો તેથી ઉત્તમ કાર્યજ નિપજે છે.

કદાચ કોઈ અજ્ઞાન પ્રાણી આપણને ગાળો આપે કે એવીજ બીજી ઉન્મત્ત પ્રાય ચેષ્ટા કરે તો તેથી લગારે ચિત્તને ખિન્ન થવા દેવું જોઇએ નહિ. એમ કરવાથી પેલો અજ્ઞાન પ્રાણી છેવટે થાકીને વિરમી જશે. જો એવા પ્રસંગે ક્ષમા–શાન્તિ રાખવાને બદલે આકાશ અધીરજ વ્યાકુળતા કે ક્રોધાદિક કષાય રૂપ અશાન્તિ આદરવામાં આવે તો એથી પ્રથમ આપણુંજ બગડશે અને સામાને પણ કશો ફાયદો થવા પામશે નહિ. જ્ઞાની પુરૂષો તો ત્યાં સુધી કહે છે કે **"ગાળ દે તેને આશિષ દઈએ."** એક અગ્નિરૂપ થાય ત્યારે બીજાએ જળરૂપ થવું જોઇએ. સમતા રૂપ જળના પ્રવાહથી ક્રોધાગ્નિ તરત શાન્ત થઈ જશે. પણ જો પ્રજ્વલિત થયેલા ક્રોધાગ્નિમાં અધિક ઇંધન હોમવામાં આવશે તો તેથી જોત-જોતામાં મ્હોટો ભડકો થશે અને તે કોઈ રીતે શાન્ત થવાને બદલે અનેક જી-વોને અપાર હાનિ કરે એવું મ્હોટું રૂપ પકડશે. તેથીજ શાસ્ત્રકાર એ ક્રોધા-ગ્નિને ઉપશમાવી દેવાનો ઉપાય બતાવે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति;
अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति. "

ભાવાર્થ—ક્ષમારૂપ સાચું અને બળવાન્ સાધન આત્મ રક્ષાર્થે જેની પાસે છે તેને ક્રોધી દુર્જન શું કરી શકે? કશું કરી શકે નહિ. તૃણાદિક રહિત ખાલી ભૂમિ ઉપર પડેલો અગ્નિ આપોઆપજ બુઝાઇ જાય છે, તેને બુઝવવા માટે બીજી કશીજ મહેનત કરવી પડતી નથી. તેને કશી પુષ્ટી નહિ મળવાથી તે સહેજેજ શાન્ત થઈ જાય છે. અને પ્રસંગે અદ્‌ભુત શાન્તિ-સમતા દાખવવાથી સામા ક્રોધી પ્રાણીને પણ ક્વચિત્ ભારે પશ્ચાત્તાપ પ્રગટે છે, અને પોતે કરેલી મોટી કસૂરનો ખ્યાલ કરી વળતે શુભ માર્ગે ચઢી પણ જાય છે. આ રીતે સામા ક્રોધી જીવને પણ જે ક્વચિત્ લાભ થઇ શકે છે તે તેવે પ્રસંગે ધીરજ-શાન્તિ-સહનશીલતા રાખવામાં આવે છે તેનું રૂડું પરિણામ જાણવું. આપણા એકાન્ત હિતને માટે જ્ઞાની પુરૂષો પોકારી પોકારીને કહે છે કે:—

" ખમિએ ને ખમાવિએ, સાહેલડી રે! એ જિનશાસન રીત તો "

એની મતલબ એવી છે કે આપણે છદ્મસ્થ જીવોથી કંઇ ને કંઇ કસૂર થઇ જાય અને તેથી સામા કોઇ જીવની ગમે તે કારણે લાગણી દુઃખાય તો આપણી ફરજ છે કે તે વાતનો ખ્યાલ કરી પોતાથી થયેલી કસૂર કબુલ કરી લઇ, નમ્રતા દાખવી, મીઠા વચનથી પોતે કરેલી ભૂલ માટે માફી માગી લેવી અને ફરી એવી ભૂલ જાણીજોઇને નહિ કરૂં એમ કહી સામાનું મન શાન્ત કરવું એ આપણે સામાને ખામણાં કર્યા કહેવાય-તેવીજ રીતે સામા કોઇએ એવીજ કોઈ કસૂર કરી આપણી લાગણી દૂભાવી હોય, પછી તેને કરેલી કસૂરનો ખ્યાલ આવવાથી તે આપણી પાસે ઉપર જણાવ્યા મુજબ માફી માગે ત્યારે બદલામાં આપણે પણ તેને માફી આપવી એ આપણી ફરજ છે, એમ કરવાથી આપણે પણ ખમ્યા કહેવાઇએ. એ રીતે ક્વચિત્ કર્મયોગે થયેલી કસૂર માટે અરસપરસ ખામણાં કરવાં એ જગ જયવંતા જિનશાસનની ખાસ રીત-મર્યાદા જ છે.

એ ઉત્તમ ખામણાં સફળ ત્યારેજ લેખાય છે કે જ્યારે નિખાલસ દિલથી નમ્રપણે પોતે કરેલી કસૂરની પશ્ચાત્તાપ પૂર્વક માફી માગી લઇ ફરી તેવી કસૂર નહિ કરવા પૂરતું લક્ષ રાખવામાં આવે છે. એમ કરવાથી સ્વપર ઉભયને લાભ થાય છે. અરસપરસ ખામણાં કરતાં શાસ્ત્રમર્યાદ લક્ષમાં રાખી લઘુ વયવાળાએ મોટી વયવાળા-વડીલને પ્રથમ ખમાવવું જોઇએ. લઘુ વયવાળાનું મન એમ કરવા સંકોચાતું હોય તો વડીલે લઘુ વયવાળાને પ્રથમ ખમાવવા લક્ષ રાખવું. એથી લઘુ વયવાળો શરમાઇને જલદી ખામી દેશે. જે સરલપણે ખમે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખમાવે છે તે ઉભય (ખમનાર અને ખમાવનાર) આરાધક કહ્યા છે. જે જાણી જોઇને ખમતા કે ખમાવતા નથી તેને આરાધક કહ્યા નથી. સામો માણસ ક્ષમા કરે કે ન કરે પણ આરાધક થવા ઇચ્છનારે પોતે તો જરૂર માન મૂકીને નિખાલસપણે સામા જીવને ખમાવવુંજ જોઇએ. જે આ રીતે ખમાવતાં ખમે છે (માફી આપે છે–પોતાનો રોષ તજી દે છે) તે આરાધક થઇ શકે છે અને જે ખમતો નથી–રોષ રાખી રહે છે તે આરાધક થતો નથી. એથીજ સૂક્તિકારે ઠીક કહ્યું છે કે ઉપશમ ગુણ સેવનારનું સર્વત્ર હિતજ થાય છે. એ સમું બીજું શ્રેષ્ઠ સુખ નથી. એ ઉપશમ ગુણ વગર જે કંઇ તપ જપ પ્રમુખ કઠણ કરણી કરવામાં આવે છે તે સર્વ નિષ્ફળ પ્રાય થાય છે, અને ઉપશમ ભાવપૂર્વક જે કંઇ ધર્મ કરણી કરવામાં આવે છે તે સઘળી પરમ હિતકારી થાય છે. જેણે ઉપશમ રસ ચાખ્યો છે તેને બીજાં રાજઋદ્ધિ પ્રમુખનાં સુખ નિરસ લાગે છે, અને તેથીજ મોટા ચક્રવર્તી પ્રમુખ વિશાળ ઋદ્ધિવાળા પણ પોતાને પ્રાપ્ત થયેલાં રાજ્યાદિક સુખને તૃણવત્ તજી દઈ શમ સામ્રાજ્યને આપનારૂં ચારિત્ર અંગીકાર કરી તેને સેવે છે. જેમને પરમ ઉપશમ ભાવ પ્રગટે છે તે ગજસુકુમાળ, મેતાર્યમુનિ અને ખંધકમુનિની પેરે પ્રાણાન્ત કષ્ટ આવ્યે છતે પણ પરમ શાન્તિમાં ઝીલી રહે છે. તેઓ દેહની કશી દરકાર નહિ કરતાં એક ઉત્કૃષ્ટ સમતાનેજ સાર લેખે છે. પરમ ક્ષમાવંત શ્રી અરિહંતાદિકનાં પવિત્ર ચરિત્રને અનુસરી ઉત્તમ જનોએ નિર્મળ જ્ઞાનદૃષ્ટિથી ક્રોધાદિક દોષોને દૂર કરી ઉપશમ પ્રમુખ ઉત્તમ ગુણનો આદર કરવા સદાય ઉજમાળ રહેવું ઉચિત છે. ઇતિશમ.

જૈન પંચાંગ બનાવવાની રીતિ.

અમારી સભા તરફથી સુમારે ૨૫ વર્ષથી **જૈન પંચાંગ** દરેક ગ્રાહક વિગેરેને ભેટ દાખલ આપવા માટે છપાવવામાં આવે છે. શાંત મુર્ત્તિ ગુરૂ મહારાજ **શ્રી વૃદ્ધિચંદજી** મહારાજે તેને માટે જે રીતી બતાવેલી છે તે અનુસારે જ આજ સુધી તે બનાવવામાં આવે છે. પંન્યાસજી **શ્રીગંભીરવિજયજી** મહારાજ કે જેઓ જ્યોતિષના વિષયમાં સારૂં જ્ઞાન ધરાવતા હતા તેમણે પણ તેજ રીતિ સ્વીકારી હતી અને પ્રાયે તપગચ્છી દરેક સાધુ સાધ્વી તેજ પંચાંગને પ્રમાણભૂત માની તે પ્રમાણે તિથિ પર્વાદિક સ્વીકારતા આવ્યા છે. તેમજ બનતાં સુધી અમારા તરફથી દરેક મુનિરાજ વિગેરેને ભેટ પણ મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલમાં તેની ખરી શૈલી સમજ્યા વિના કાર્તકી ને ચૈત્રી જૈન પંચાંગને નામે પંચાંગો બનવા માંડ્યા છે, ને તેથી તિથિ પર્વોદિકમાં બહુ ગોટાળો થવા લાગ્યો છે. તે સાથે એક નવા પંડિતે પણ તે સંબંધી પોતાની કલ્પનાથી ગોટાળો વળાવ્યો છે. એવા વખતમાં તેની ખરી શૈલી કે જે અમને ગુરૂગમથી પ્રાપ્ત થયેલી છે તે આ નીચે પ્રકટ કરવામાં આવી છે, તેથી નવા પંચાંગ બનાવનારે તે અનુસારે પંચાંગ બનાવવા કે જેથી એકગચ્છમાં-એક સમુદાયમાં તિથિ પર્વોદિકનો ભેદ થાય નહીં. આ કાંઇ અમારી બુદ્ધિનું પરિણામ નથી, ગુરૂ મહારાજે પરંપરાનુસાર બતાવેલી શૈલી છે. તેથી તેનું અનુકરણ કરવામાં કોઈને હીનતા કે લઘુતા પ્રાપ્ત થાય તેમ નથી.

ગમે પંચાંગ બનાવવામાં પ્રથમ જોધપુરી શ્રીધર શીવલાલનું ચંદ્ર પંચાંગ કે જે ચૈત્રી છે તેમાં બતાવેલ તિથિઓની વધઘટ પ્રમાણભૂત ગણી તે અનુસારે પંચાંગ બનાવીએ છીએ. ગુરૂ મહારાજે પણ તે પંચાંગ માન્ય કરવા કહેલું છે.

જૈન શાસ્ત્રમાં ઉદયગત તિથિ માનવાની કહી છે તે બરાબર છે, પરંતુ તિથિઓ બારે પાળવાની આવશ્યકતા હોવાથી ઉદયગત તિથિમાં પણ જો બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ, ચૌદશ, પુર્ણિમા કે અમાવાસ્યાનો ક્ષય હોય તો તે તે તિથિ પાળવાને માટે ક્ષયગત તિથિને તેની પાછળની તિથિને સ્થાને સ્થાન આપવું, ને પાછળની ન પાળવાની તિથિનો ક્ષય માનવો. અને જો બાર તિથિ પૂરી કોઈ તિથિની વૃદ્ધિ હોય તો તે બે પૂરી બીજી તિથિને પાળવાની તિથિનું સ્થાન આપી પ્રથમની તિથિને નહીં પાળવાની પાછલી તિથિના દ્વીત્વનું સ્થાન આપવું. આમ કરવાથી ઉદયગત તિથિ માનવાની હકીકત મટી જતી નથી. ફક્ત પાળવાની બાર તિથિઓ કાયમ રાખવા માટે તેમ કરવામાં આવે છે. **શ્રી ઉમાસ્વાતિ વાચક** મહારાજનું એ પ્રમાણે કરવાનું વચન છે.

મહીનાઓમાં પણ તેજ પ્રમાણે પ્રવૃત્તિ રાખવાની કહેલી છે. એટલે કે શ્રાવણ બે હોય તો બીજા શ્રાવણમાં પર્યુષણ બેસે ને ભાદરવા શુદ ૪ થે સંવચ્છરી આવે અને ભાદરવા બે હોય તો બાસ સંવચ્છરી પર્વ ભાદ્રપદ માસમાં રાખવાનું હોવાથી પહેલા (અધિક) ભાદરવામાં પર્યુષણ બેસે ને બીજા-બરા ભાદ્રપદમાં સંવચ્છરી પર્વ આવે. તેજ પ્રમાણે કાર્ત્તિક, ફાલ્ગુન ને અશાડ જો બે હોય તો ચોમાસી પર્વ બીજા કાર્ત્તિક, ફાલ્ગુન ને અશાડમાં આવે. ચોમાસી ચૌદશે આઠાઇ પૂર્ણ થતી હોવાથી તેની અગાઉના સાત દિવસ લઇને તેના પ્રારંભને દિવસે આઠાઇ બેસે એમ સમજવું. અને પુર્ણિમા સહિત નવ દિવસો પાળવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યુષણને આંગે સંવચ્છરી, અઠ્ઠાઇધર ને પંદરનું ધર એકવારાંજ આવે છે. ને મહીનાનું ધર પંદરના ધર અગાઉ બરાબર પંદર દિવસે એટલે પંદરના ધરના વારથી પાછળના વારનું આવે છે ને દોઢ માસનું ધર મહીનાના ધરથી બરાબર પંદર દિવસ અગાઉ તે ઠરતાં પાછલા વારે આવે છે. આ પ્રમાણે ધર સંબંધી સમજણ છે. તેમાં દોઢ માસના ધરથી (તે દિવસ ચુકયાં) બરાબર ૪૫ દિવસે સંવચ્છરી આવવી જોઇએ.

નક્ષત્રમાં હનિયું નક્ષત્ર એક રોહિણીજ તે નક્ષત્ર સંબંધી તપ ઠરવામાં આવતો હોવાથી લખવામાં આવે છે. તેમાં કૃત્ત કોઈ બે તિથિ કે વારે તે નક્ષત્ર હોય તો બીજા દિવસે ને બીજા વારે પાળવાનું સમજી તે તિથિ ને વારે રોહિણી નક્ષત્ર લખવું.

પંદરીઆ નક્ષત્ર પૈકી કેરી બાવાનો ત્યાગ ઠરવાનો હોવાથી માત્ર આર્દ્રા નક્ષત્ર કયારે બેસે છે તેજ લખવામાં આવે છે. તેને માટે પંચાંગમાં જેઠ કે અશાડ માસમાં **રૌદ્રે રવિ** અથવા **આર્દ્રાયાં રવિ** એવું જે દિવસે લખ્યું હોય તે દિવસે તે નક્ષત્ર બેસે છે એમ જાણવું.

ઉપર જણાવેલી તિથિ સંબંધી સમજ શીયળ પાળવામાં, લીલોતરી ન બાવામાં વિગેરે નિયમોમાં તેમજ ઉપવાસાદિ તપ ઠરવામાં એક સરખી પ્રવૃત્તિ રહેવા માટે તેમજ તિથિઓ બાર ઠરતાં ઓછી કે વત્તી પાળવાનું ન બનવા માટે મુકરર ઠરવામાં આવેલી છે. બાકી પ્રતિષ્ટા દીક્ષા વિગેરેના મુહૂર્ત્તાદિમાં તો બરાલ પંચાંગમાં લખેલી તિથિઓજ લેવામાં આવે છે ને તે પરજ આધાર રાખવામાં આવે છે.

જોધપુરી પંચાંગમાં દિનમાન ઘડીપળમાં લખેલ હોય છે તેથી સૂર્યોદય ને સૂર્યાસ્તનો વખત લખવા માટે મુંબઇના ચૈત્રી પંચાંગ છપાય છે તેનો આશ્રય લેવો પડે છે. પરંતુ તે વખત ચોકસજ છે એમ બાત્રી આપી શકાતી નથી. માત્ર દિગ્દર્શન માટે ઉપયોગી થાય તેમ છે. મુહૂર્ત્તાદિ જાળવવાને પ્રસંગે તો સૂર્યોદય થાય તે બરાબર દૃષ્ટિએ જોઇને તે ઉપરાંત ઘડી પળ હોય તે લેવા જોઇએ.

આટલી સમજ પંચાંગ બનાવવાની સર્વને સગવડ થાય તેટલા માટે પ્રકટ ઠરવામાં આવી છે. આશા છે કે સુજ્ઞ પુરૂષો તેનો યોગ્ય ઉપયોગ ઠરશે અને એકવાક્યતા જાળવશે. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સાહિત્યમાં કર્મ સંબંધી ગ્રંથોનો વિસ્તાર.*

ઘણા વખતથી હૃદયમાં એવી ઇચ્છા રહ્યા કરતી હતી કે જૈન સાહિત્યના શોધને માટે, શુદ્ધિને માટે, વૃદ્ધિને માટે, ઉત્તેજનને માટે, નિવારણને માટે તેમજ સંસ્કરણને માટે સંમેલનના રૂપમાં જૈન વર્ગના વિદ્વાન અથવા વિદ્યા-વિલાસી ગણાતા શ્રાવકવર્ગે એકત્ર મળવાની જરૂર છે. અને તે પ્રસંગે સ્થાન એવું રાખવું જોઇએ કે જ્યાં વિદ્વાન મુનિ મહારાજઓનો સમુદાય પણ હોય. આ ઇચ્છાને અનેક સુજ્ઞ બંધુઓ તરફથી તે વિચારને પુષ્ટિ આપવા રૂપ અથવા સંમતિ દર્શાવવા રૂપ જાણસિંચન થતું હતું અને તેથી તે ઇચ્છારૂપી વૃક્ષ વૃદ્ધિ પામ્યા કરતું હતું. એવા સમયમાં સોજતમાં એવું સંમેલન ઠરવાના ખબર મળતાં આનંદ ઉત્પન્ન થયો અને બની શકે તો થોડો પણ તેમાં ભાગ લેવા ઇચ્છા થઇ.

આ પ્રસંગે જણાવવાની આવશ્યકતા છે કે–આધુનિક જૈન વર્ગ વ્યવહારિક કેળવણીમાં પણ જોઇએ તેવો આગળ વધેલો નથી અને ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેના વિદ્વાન અથવા સાક્ષર કહેવાય તેવા શ્રાવક વર્ગમાં તો બહુ અલ્પ છે અથવા બીલકુલ નથી એમ કહીએ તો પણ ચાલી શકે તેમ છે. મુનિ વર્ગમાંથી જો કે એવા વિદ્વાનોની સંખ્યા ઉપલબ્ધ થાય તેમ છે; પરંતુ તે બધા કોઇ કારણને પામીને એકત્ર થાય અને જૈન સાહિત્યને માટે જરૂરના વિચારો કરે એ વખત તરતમાં પ્રાપ્ત થાય એવો સંભવ ઓછો જણાય છે. એટલે એવા વિદ્વાન મુનિ મહારાજઓની એકત્રતા થાય ત્યાંસુધી બેસી રહેવા કરતાં એ દિશામાં કાંઇ પણ પ્રયત્ન કરવો એ યોગ્ય છે એમ જણાયું છે, અને તેને માટે વિદ્વાન કે સાક્ષર હો કિંવા ન હો પણ વિદ્યાવિલાસી હોય, જૈન શાસ્ત્રોપર અંતઃકરણનો પ્રેમ હોય અને તેના ઓછા વત્તા પણ અભ્યાસી હોય, વધારે અભ્યાસ કરવાની ઉત્કંઠાવાળા હોય તેઓ એકત્ર મળે અને જૈન સાહિત્યના સંબંધમાં પર્યાલોચના કરે એ આવશ્યક અને ઉપયુક્ત લાગે છે.

સાહિત્ય શબ્દ સંસ્કૃતમાં કાવ્યાદિના ગ્રંથો માટે વાપરવામાં આવે છે, પરંતુ આ સંમેલનને જૈન સાહિત્ય સંમેલન કહેવામાં આવ્યું છે તેમાં જૈન સાહિત્ય શબ્દે જૈન ધર્મના તમામ પ્રકારના શાસ્ત્રોનો સમાવેશ કરવામાં આવ્યો

* જોધપુરમાં મળેલા જૈન સાહિત્ય સંમેલનમાં અમારી સભાના પ્રમુખ કુંવરજી આ. બૃંદછએ મોકલેલો લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. સિદ્ધાંતો, પંચાંગી, ગ્રંથો, પ્રકરણો, કાવ્યો, ચરિત્રો, વ્યાકરણો, કોષો, ન્યાયના ગ્રંથો, અન્યઅન્ય વિષયોના ગ્રંથો, બાળાવબોધો, ટબાઓ, ગુજરાતી મારવાડી કે હિંદી ભાષામાં લખેલી વાર્તાઓ, રાસો અને બીજા નાના મોટા ભાષામાં લખેલા અધ્યાત્મઠ સ્તવન સઝાય પદ દિ–એ સર્વનો જૈન સાહિત્યની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

જૈન સાહિત્યને અંગે શું શું કરવા યોગ્ય છે તે પણ અત્ર બતાવવાની આવશ્યકતા જણાય છે.

૧ લખેલા પુસ્તકોના દરેક ભંડારો જાહેરમાં લાવવા.
૨ એવા ભંડારોનો વિનાશ થતો અટકાવવો.
૩ દરેક ભંડારોની એક સરખી ટીપ તૈયાર કરાવવી.
૪ દરેક જાતિના ગ્રંથો કે શાસ્ત્રો કયાં કયાં છે? કેવી સ્થિતિમાં છે? તે જાણવા માટે જૈનગ્રંથાવળી જેવી ગ્રંથાવળી છપાવીને પ્રસિદ્ધ કરવી.
૫ પરસ્પરના વિશ્વાસથી દરેક ગ્રંથોનો લાભ કોઇ પણ સુજ્ઞ વ્યક્તિ લઈ શકે તેવા નિયમો કરવા.
૬ જે જે ગ્રંથો છપાય તે જેમ બને તેમ વિશુદ્ધ છપાય તેવી પ્રેરણા, વ્યવસ્થા, ગોઠવણ કરવી.
૭ અશુદ્ધ અથવા વિપરીત છપાતા ગ્રંથોને અટકાવવા અથવા છપાયા બાદ પણ તેને તેવા રૂપમાં જાહેર કરવા.
૮ નવા છપાતા ને છપાયેલા ગ્રંથોવિગેરેનું સમાલોચન કરી તેને તેના ખરા સ્વરૂપમાં જાહેરમાં મૂકે તેવું એક મંડળ સ્થાપવું.
૯ છપાયેલા ને છપાતા દરેક ગ્રંથો લભ્ય થાય તેવી સારી લાઇબ્રેરીઓ સ્થાપવાની યોજના કરવી.
૧૦ સ્વબુદ્ધિથી નવા લખાણને છપાતા લેખો વિગેરેની ઉપર કોઇ પણ પ્રકારનો અંકુશ મૂકવો કે જેથી શાસ્ત્ર વિરૂદ્ધ લેખ પ્રકટ ન થાય.
૧૧ જૈનસમુદાયની અંદર પરસ્પર વિરોધ ઉત્પન્ન કરે તેવા લેખો વિગેરે ન લખાવા માટે અંકુશ મૂકવા પ્રયત્ન કરવો.

ઇત્યાદિ અનેક બાબતો સંબંધી વિચાર આવા સાહિત્ય સંમેલને એકત્ર મળીને કરવાના છે અને તે સંબંધી ઠરાવો પણ કરવાના છે. આ તમામ બાબતોમાં પ્રથમ સંપવૃદ્ધિની આવશ્યકતા છે અને પરસ્પરના સત્કાર્ય તરફ મિષ્ટ દૃષ્ટિની જરૂર છે. જ્યાં સુધી આપણામાંથી ઇર્ષા દૂર થશે નહીં ત્યાં સુધી આપણે કોઇ પણ કાર્યમાં પૂર્ણ કૃતેહમંદ થવાના નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર જણાવેલાં દરેક કાર્યમાં સર્વ કાર્ય કરતાં અગ્ર કાર્ય અત્યપણા પૂર્વ પુરૂષો આપી ગયેલા છે તે વારસો સંભાળી રાખવાનું છે. આપણા લખેલા પુસ્તકોના ભંડારો કે જે વિદ્વાન મનુષ્યોને ભોગ પડતા નથી, અને બેઇંદ્રી કે તેઇંદ્રી જીવોને ભોગ પડે છે, શરદીમાં તરબોળ થઇ વિનાશ પામી જાય છે, તેના નિવારણની અત્યંત આવશ્યકતા છે. એ આપણો અમૂલ્ય વારસો છે. એની કિંમત કોઇ પ્રકારે આંકી શકાય તેમ નથી. તેથી આપણે સુપુત્ર થઇને વડીલની દોલતમાં વૃદ્ધિ કરીએ એવા થવું તો દૂર રહ્યું. પણ જે આપી ગયેલ છે, તેમાંથી ઘણું તો વિનાશ પામી ગયું છે, તેમાંથી જે કાંઇ જીવંત બચેલું છે તેનું રક્ષણ કરવાની જરૂર છે, અત્યંત જરૂર છે. જો એમાંથી વિનાશ થવાનું હજુ પણ શરૂ રહેશે તો પછી કાળાંતરે આપણે શ્રીમંત ગણાઇએ છીએ તે દરિદ્રીની ઉપમાને પાત્ર બનશું અને સુપુત્ર કે પુત્ર કહેવાવાને બદલે કુપુત્ર કહેવ શું.

જેઓને આ વસ્તુની કિંમત નથી અથવા જેઓ તેનું રક્ષણ કેમ થાય તે સમજતા નથી તેની હયા આણને તેને સીધે રસ્તે લાવવાની આપણી ફરજ છે. આ બાબતમાં વધારે ન લખતાં તે હકીકત સુજ્ઞોના લક્ષમાં લાવવા જેટલું જ કરીને હવે હું મારા મૂળ વિષય ઉપર આવું છું.

સંમેલન તરફથી જૈન સાહિત્યને અંગે કોઇ પણ વિષય ઉપર લેખ લખી મોકલવાનું નિમંત્રણ થયું તે વખતે વિચાર કરતાં સર્વત્ર કર્મનું જ ચિત્ર દૃષ્ટિગોચર થતાં તેને અંગે જૈન સાહિત્યમાં કયા કયા ગ્રંથો છે અને તેમાં શું શું વિષય દાખલ કરેલ છે તે સંબંધી આજ સુધી મારા જાણવામાં જે કાંઇ આવેલ છે તે લખી મોકલવા ઇચ્છા થઇ અને તે ઉપરથી મથાળે લખેલા નામનો એક ટુંકો લેખ લખી મોકલવાનું મેં સ્વીકાર્યું. સદરહુ લેખ લખતાં પ્રારંભમાં પ્રસંગને અનુસરતું કાંઇક પ્રમાણ ઇચ્છાના વેગને આધીન થઇને લખ્યું છે. હવે મારે લખવાના લેખની શરૂઆત કરવા ધારૂં છું.

જૈન દર્શન એ છએ દર્શનમાં મુખ્ય દર્શન છે. એ દર્શન સર્વજ્ઞ પ્રણિત છે. એના સિદ્ધાંતો પરસ્પર વિરોધ વિનાના અને સ્યાદ્વાદ શૈલીથી લખાયેલા છે. જૈન દર્શનમાં પૂર્વે અનેક વિદ્વાન આચાર્યો થઇ ગયા છે અને તેમણે સંખ્યાબંધ ગ્રંથો લખેલા છે. કાળના ક્રમથી હવાઇ ચંપાઇને તેનો ઘણો મોટો ભાગ તો વિનાશ પામી ગયો છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજના ૧૪૪૪ ગ્રંથો, શ્રીઉમાસ્વાતિ વાચકના ૫૦૦ ગ્રંથો, કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ૩॥ ક્રોડ શ્લોક પ્રમાણ ગ્રંથો અને છેલા છેલા થયેલા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના કરેલા ન્યાયના ૧૦૦ ગ્રંથો, રહસ્ય શબ્દાંકિત ૧૦૦ ગ્રંથો અને અન્ય ગ્રંથો, આ શિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા સંખ્યાબંધ આચાર્યોના રચેલા સંખ્યાબંધ ગ્રંથો, તેમાંથી અત્યારે ઘણો જ થોડો ભાગ દૃષ્ટિગોચર થાય છે, ઘણો વિભાગ વિનાશ પામી ગયો છે, પરંતુ જેટલો રહ્યો છે તેટલો પણ આધુનિક સમયના મનુષ્યોને માટે ઘણો છે. તેટલાનો સંપૂર્ણ તો શું પણ તેમાંના એક વિષય પરત્વેના ગ્રંથોનો પણ પૂર્ણ અભ્યાસ થવો મુશ્કેલ છે. જીંદગી ટુંકી અને અભ્યાસ કરાવનારના સંયોગની ખામી એ પણ એના પ્રબળ કારણો છે.

જૈન દર્શનના ગ્રંથો ચાર અનુયોગમાં વહેંચાયેલા છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ ને ચરણકરણાનુયોગ. કર્મ સંબંધી ગ્રંથોનો સમાવેશ દ્રવ્યાનુયોગમાં થઈ શકે છે. જો કે તેમાં પ્રસંગે પ્રસંગે ગણિતાનુયોગની પણ ઘણી જરૂર પડે છે. સંખ્યાતા, અસંખ્યાતા ને અનંતાનું સ્વરૂપ કર્મગ્રંથના અભ્યાસીને જાણવું જોઈએ છીએ. તેમજ પલ્યોપમ સાગરોપમાદિ જેનો કાળમાં સમાવેશ છતાં તેને માટે પણ ગણિતની જરૂર પડે છે તે વિષયનો કર્મગ્રંથની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. ચારે અનુયોગ તદ્દન છુટા તો પડીજ શકતા નથી, કારણ કે ચરણકરણાનુયોગમાં જોડવા માટેજ કર્મગ્રંથના પરિજ્ઞાનની જરૂર હોવાથી પ્રસંગે તેનો પણ સમાવેશ થાય છે. જુદી જુદી કર્મપ્રકૃતિના ઉદ્યાગત ફળને ભોગવનારાના દૃષ્ટાંતો તેની સિદ્ધિમાં બહુજ ઉપયોગી થઈ પડે છે, તેથી પ્રસંગે તેની પણ આવશ્યકતા છે.

દ્રવ્યાનુયોગમાં ષડ્ દ્રવ્યના સ્વરૂપનો સમાવેશ છે. કર્મગ્રંથની અંદર છ દ્રવ્ય પૈકીના મુખ્ય બે દ્રવ્ય-જીવ અને પુદ્ગળનું સ્વરૂપ વર્ણવેલું છે. બાકીના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને કાળ એ ચાર દ્રવ્યનું સ્વરૂપ પણ ઘણું ઓછું છે. તેના સ્વરૂપનો વિશેષ વિસ્તાર નથી. કારણ કે તેમાં પ્રાયે ફેરફાર થતો નથી. જીવ અને પુદ્ગળ એ દ્રવ્ય તો બંને ઉથલપાથલવાળા ને મોટી ઉથલપાથલ કરનારા હોવાથી તેના સ્વરૂપનો વિસ્તાર બહોળો છે. તે બંને દ્રવ્યો અચિંત્ય શક્તિવાળા છે.

પુદ્ગળ દ્રવ્યની વર્ગણા આઠ પ્રકારની છે. તે આઠે પ્રકારનો ઉપયોગ કર્મગ્રંથમાં જરૂરનો છે. પાંચ શરીર આશ્રી પાંચ વર્ગણા, ભાષા વર્ગણા, શ્વાસોશ્વાસ વર્ગણા ને મનો વર્ગણા એ આઠ પ્રકારની વર્ગણાઓ છે. એ બધાનો નામ કર્મની અંદર સમાવેશ થઈ શકે છે. અહીં મુખ્યતા કાર્મણ વર્ગણાની છે. વર્ગણાઓનું સ્વરૂપ કર્મ સંબંધી ગ્રંથોની અંદર બહુ સારી રીતે વિસ્તારથી આપવામાં આવેલું છે.

જીવના ભેદ અને કર્મને લઈને થતું તેનું વિચિત્ર સ્વરૂપ તેજ કર્મ સંબંધી ગ્રંથોમાં ચિત્રેલું છે. જીવ ને કર્મ એ બંનેને અનાદિ સંબંધવાળા છે. તેમનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેળાપ ક્ષીર નીરની જેવો, અગ્નિ ને લોહપિંડની જેવો, તેમજ કવચિત્ દુધ ને શર્કરા જેવો છે. જીવના સર્વ ભેદ પ્રભેદોનો સમાવેશ કર્મ સંબંધી ગ્રંથોમાં કરવામાં આવેલો છે. કારણ કે તેને આધારેજ કર્મનું બહુમાન છે. તેના વિના છુટી પડેલી કાર્મણ વર્ગણા કાંઈ કિંમતની નથી. જીવના આધારેજ તે પોતાનું બળ બતાવી શકે છે, પોતાનું પરાક્રમ ફોરવી શકે છે અને પોતે જીવની આકર્ષણ કરેલી આવી હોય છે છતાં એટલી બધી સત્તા જમાવી બેઠી છે કે જેમ નચાવે તેમ જીવ નાચે છે. આ બધો તેને મળેલા જીવના આશ્રયનોજ પ્રતાપ છે. તે શિવાય તે જગતમાં આટલી પ્રસિદ્ધિ પામી શકે તેમ નહોતું. તેણે પોતાના આશ્રયસ્થાનને ઉજેળાઇ દીપાવ્યું છે, શોભાવ્યું છે અને જગજાહેર કર્યું છે.

કર્મ સંબંધી વર્ણન તો ભગવતિજી, પન્નવણાદિ અનેક સૂત્રોમાં તેમજ મોટા મોટા અનેક ગ્રંથોમાં અને નવ તત્વાદિ પ્રકરણોની વૃત્તિમાં પ્રસંગે પ્રસંગે આપેલું છે. પ્રવચન સારોદ્ધાર, લોક પ્રકાશાદિ ગ્રંથોમાં પણ તેનું વર્ણન આવે છે; પરંતુ અહીં તો ખાસ જેની અંદર કર્મ સંબંધી જ વર્ણન આપેલું છે તેવા પ્રસિદ્ધિમાં આવેલા શ્વેતાંબરીય ગ્રંથોનો વિસ્તાર બતાવેલો છે. દિગંબર આમ્નાયમાં પણ ગોમટસાર વિગેરે ગ્રંથોમાં કર્મ સંબંધી વર્ણન આપેલું છે પરંતુ તે સંબંધી પૂરતી માહિતી ન હોવાથી અહીં તેના ગ્રંથો બતાવવામાં આવ્યા નથી.

૧ કર્મ પ્રકૃતિ.
૨ પંચ સંગ્રહ.
૩ પ્રાચીન પાંચ કર્મગ્રંથ. તથા સાર્ધશતક નામે કર્મગ્રંથ.
૪ નવ્ય પાંચ કર્મગ્રંથ.
૫ સપ્તતિકા (સત્તરી) કર્મગ્રંથ (છઠ્ઠા કર્મગ્રંથ તરીકે ઓળખાય છે તે).
૬ સંસ્કૃત ૪ કર્મગ્રંથ.

આ શિવાય નાના નાના પ્રકરણો નીચે પ્રમાણે છે.

૧ કર્મોદ્દિ વિચાર સાર.
૨ કર્મસ્તવ વિચાર.
૩ કર્મ સંવેધ પ્રકરણ.
૪ કર્મ સંવેધ ભંગ પ્રકરણ.
૫ કર્મ સ્તવન.
૬ કર્મ વિપાક કુલક. ઇત્યાદિ.

અહીં ઉપર જણાવેલા મુખ્ય ૬ ગ્રંથો સંબંધી વર્ણન આપવાનું દુરસ્ત ધાર્યું છે. તેના કર્ત્તા, તેની ઉપર ભાષ્ય ચૂર્ણિ ટીકા વિગેરે શું શું થયેલું છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેની અંદર કયા ક્રમથી કર્મનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે ટુંકામાં આ નીચે બતાવ્યું છે.

૧ કર્મ પ્રકૃતિ–કે જે કમ્મપયડીના માગધી નામથી પ્રસિદ્ધ છે. તેના કર્ત્તા શ્રી શિવશર્મ સૂરિ છે. તેઓ કયારે થઇ ગયા તે જાણવામાં નથી. એ ગ્રંથ ઘણો પ્રાચીન છે. તેની ઉપર ચૂર્ણિ, ટીપન્નક અને બે વૃત્તિઓ થયેલી છે. મૂળની માગધી ગાથાઓ ૪૭૫ છે. ચૂર્ણિ પૂર્વાચાર્ય પ્રણિત છે, તેમણે પોતાનું નામ બતાવ્યું નથી. ટિપન્નક શ્રી મુનિચંદ્ર સૂરિએ કરેલ છે. ટીકા શ્રી મલયગિરિજી મહારાજે ૮૦૦૦ શ્લોક પ્રમાણ રચી છે તે શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાઇને ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી બહાર પડેલી છે. બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે તેના કરતાં મોટી (૧૩૦૦૦ શ્લોક પ્રમાણ) બનાવી છે. તે ટીકા પણ છપાવાનો પ્રયત્ન ચાલે છે.

આ ગ્રંથની અંદર કર્મ સંબંધી બંધન, સંક્રમણ, ઉદ્વર્તન, અપવર્તન, ઉદીરણા, ઉપશમના, નિધત્તિ ને નિકાચના એ આઠ કરણ અને ઉદય તથા સત્તા મળીને દશ દ્વારનું વર્ણન ઘણું સ્પષ્ટ આપવામાં આવેલું છે. આ ગ્રંથ બીજા ગ્રંથોમાંથી પૂર્વમાંથી ઉદ્ધરેલો છે.

૨ પંચ સંગ્રહ–આ ગ્રંથ શ્રી ચંદ્રર્ષિ મહત્તર મહારાજનો બનાવેલો છે. તેનું મૂળ માગધી ગાથાબંધ છે. તેની ઉપર એક લઘુ વૃત્તિ તેમણે પોતેજ બનાવી છે અને બીજી મોટી ટીકા શ્રી મલયગિરિજી મહારાજે સુમારે ૧૯૦૦૦ શ્લોક પ્રમાણ રચેલી છે. ઉપરાંત એક દીપક શ્રી જિનેશ્વર સૂરિના શિષ્ય વામદેવ મુનિએ રચેલું છે, તે ૨૫૦૦ શ્લોક પ્રમાણ છે. શ્રીમલયગિરિજીવાળી ટીકા પંડિત હીરાલાલ હંસરાજે જામનગરમાં છાપી છે ને તેની કિંમત રૂ ૩૦ રાખી છે. તેણે વેચવાની સગવડને માટે તેના ચાર વિભાગો પાડ્યા છે. તેમાં ત્રીજો ચોથો વિભાગ તો ઉદીરણાનું પ્રકરણ ચાલતાં મધ્યમાંથી પાડેલો છે.

આ ગ્રંથનું નામ પંચસંગ્રહ બે કારણોથી પાડવામાં આવેલ છે. એક તો તેની અંદર શતક, સપ્તતિકા, કષાય પ્રાભૃત, સત્કર્મ અને કર્મ પ્રકૃતિ–આ પાંચ ગ્રંથોનો સમાવેશ કરવામાં આવેલો હોવાથી પાડેલું છે અને બીજું એ ગ્રંથમાં યોગઉપયોગમાર્ગણા, બંધક, બદ્ધવ્ય, બંધહેતુ ને બંધવિધિ–આ પાંચ પ્રકરણો અથવા અર્થાધિકાર સમાવેલા હોવાથી પાડવામાં આવ્યું છે.

પાંચ ગ્રંથો પૈકી **શતક** તે પ્રાચીન પાંચમો કર્મગ્રંથ છે કે જે કર્મ પ્રકૃતિના કર્ત્તા શિવશર્મસૂરિ મહારાજનો કરેલો છે. **સપ્તતિકા** ઉર્ફે સત્તરી તે પંચ સંગ્રહના કર્ત્તા ચંદ્રર્ષિમહત્તરનો પોતાનોજ બનાવેલો છે અને તે અત્યારે છઠ્ઠા કર્મગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે. **કષાય પ્રાભૃત** ને **સત્કર્મ** કે જે ગ્રંથોમાં કષાયોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરૂપ અને સત્તાગત કર્મનું સ્વરૂપ બતાવવામાં આવેલું હોવું જોઇએ એમ તેના નામ ઉપરથી અનુમાન થાય છે, પરંતુ તે ગ્રંથો અત્યારે ઉપલબ્ધ નથી તેથી ચોકસ કહી શકાતું નથી. તે ગ્રંથો કોઈ પ્રાચીન ભંડારોમાંથી મળી શકવા સંભવ છે. પાંચમો કર્મપ્રકૃતિ ગ્રંથ ઉપર બનાવેલો શ્રી શિવશર્મસૂરિ મહારાજનો કરેલો છે. આ પાંચે ગ્રંથનો સમાવેશ પંચસંગ્રહની અંદર કરેલો છે.

પાંચ અર્થાધિકાર પૈકી પ્રથમ **યોગોપયોગ માર્ગણામાં** જીવસ્થાન, ગુણસ્થાન અને માર્ગણાસ્થાને યોગઉપયોગ બતાવવામાં આવ્યા છે અને માર્ગણાસ્થાને જીવસ્થાન ને ગુણસ્થાન બતાવવામાં આવ્યા છે. બીજા **બંધક** અર્થાધિકારમાં કર્મને બાંધનારા જીવોના ભેદો અનેક પ્રકારે બતાવવામાં આવ્યા છે. જીવવિચારાદિમાં બતાવેલા ભેદોથી આ ભેદો જુદેજ પ્રકારે બતાવેલા છે. ત્રીજા **બદ્ધવ્ય** નામના અર્થાધિકારમાં જીવને **બાંધવા યોગ્ય જે કર્મો** તેનું સ્વરૂપ આપેલું છે. ચોથા **બંધ હેતુ** નામના અર્થાધિકારમાં કર્મબંધના હેતુભૂત મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગની વ્યાખ્યા તેના ઉત્તર ભેદ સાથે સવિસ્તર આપવામાં આવેલી છે. પાંચમો **બંધવિધિ** નામનો અર્થાધિકાર ઘણો વિસ્તારથી આપવામાં આવેલો છે. તે અર્થાધિકારે ગ્રંથનો અરધો ઉપરાંત ભાગ રોકેલો છે. પ્રથમ બંધવિધાન સાદ્યાદિ પ્રરૂપણાને અનુગત કહ્યું છે, આઠ કરણ તેમાં પ્રસંગાગત કહ્યા છે અને પછી સંવેધગત બંધવિધાન કહેલું છે.

આ પાંચ અર્થાધિકાર પૈકી શતક ને સત્કર્મ એ બે ગ્રંથનો સમાવેશ બદ્ધવ્યમાં કરેલો છે, સપ્તતિકા ને કર્મપ્રકૃતિનો સમાવેશ બંધવિધિમાં કરેલો છે અને કષાય પ્રાભૃતનો સમાવેશ બંધહેતુમાં કરેલો છે. પહેલો ને બીજો અધિકાર પોતાને પ્રાપ્ત થયેલા અન્ય ગ્રંથોના બોધ ઉપરથી લખેલ છે.

૩ પ્રાચીન પાંચ કર્મ ગ્રંથ–કર્મ વિપાક, કર્મસ્તવ, બંધ સ્વામિત્વ, ષડશીતિ અને શતક નામના છે. તેમાંના પ્રથમના ત્રણ નામ અર્થ નિષ્પન્ન છે અને છેલ્લા બે નામ ગાથાની સંખ્યાથી પડેલા છે. અત્યારે જે પ્રાચીન તરીકે ઓળખાય છે તે પાંચે કર્મગ્રંથ જુદા જુદા આચાર્યોના રચેલા છે ને તેની ઉપર જુદા જુદા આચાર્યોની કરેલી ટીકા વિગેરે છે. સિદ્ધાંતાદિકમાં સિદ્ધાંતકારનો આ મત છે અને કર્મગ્રંથકારનો આ મત છે એમ જેનો સિદ્ધાંતકાર સાથે સમાનતા તુલ્ય અભિપ્રાય ગણાય છે તે પ્રાચીન કર્મગ્રંથકાર આ કરતાં પણ જુના બીજા હોવા જોઇએ અને જુદા જુદા ન હોવા જોઇએ એમ મારી માન્યતા છે.

પહેલો કર્મ વિપાક નામનો કર્મગ્રંથ ગર્ગર્ષિનો રચેલો છે અને તેની વૃત્તિ પરમાનંદ ઋષિની કરેલી ને ટિપ્પન ઉદયપ્રભસૂરિનું કરેલું છે. આ ગર્ગર્ષિ ઉપમિતિ ભવ પ્રપંચા કથાના કર્ત્તા સિદ્ધર્ષિના દીક્ષા દાયક ગુરૂ હતા. આ ગ્રંથ ૧૬૬ ગાથા પ્રમાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા કર્મસ્તવ નામના કર્મગ્રંથમાં કર્ત્તાનું નામ દૃષ્ટિ ગોચર થતું નથી. તેની ગાથાઓ ૫૭ છે. તેની ઉપર ભાષ્ય થયેલી છે. ટીકાઓ બે થયેલી છે. તેમાં એક શ્રી ગોવિંદાચાર્યની કરેલી અને બીજી હરિભદ્રસૂરિની કરેલી છે. આ હરિભદ્રસૂરિ અપ્રસિદ્ધ છે. ટીપ્પન શ્રી ઉદયપ્રભસૂરિએ કરેલું છે.

ત્રીજા બંધસ્વામિત્વ નામના કર્મગ્રંથના કર્ત્તાનું નામ ઉપલબ્ધ નથી. તેની ગાથા ૫૪ છે. તેની ઉપર વૃત્તિ શ્રી હરિભદ્રસૂરિની કરેલી છે. તે હરિભદ્ર બીજા કર્મગ્રંથ ઉપર જેમણે ટીકા રચી છે તેજ જણાય છે.

ચોથો ષડશીતિ નામનો કર્મગ્રંથ ૮૬ ગાથા પ્રમાણ શ્રી જિનવલ્લભ સૂરિનો કરેલો છે. તેનું બીજું નામ આગમિક વસ્તુ વિચારસાર છે. તેની ઉપર ભાષ્ય થયેલી છે. વૃત્તિઓ ચાર શ્રી હરિભદ્રસૂરિ, શ્રી વામદેવસૂરિ, શ્રી મલયગિરિજી અને શ્રી યશોદેવ સૂરિની કરેલી છે. વિવરણ શ્રી મેરૂવાચકનું કરેલું છે અને અવચૂરિ તથા ઉદ્ધાર થયેલ છે પણ તેના કર્ત્તાના નામ ઉપલબ્ધ નથી. મલયગિરિજીવાળી વૃત્તિ સહજ ઉપલબ્ધ છે.

પાંચમો શતક નામનો કર્મગ્રંથ શ્રી શિવશર્મસૂરિ મહારાજ કર્મપ્રકૃતિના કર્ત્તાનોજ કરેલો છે. ગાથા ૧૧૧ છે. તેના પર ભાષ્ય ને ચૂર્ણિ થયેલી છે, પરંતુ તેના કર્ત્તાના નામ ઉપલબ્ધ નથી. વૃત્તિ મલધારી હેમચંદ્રસૂરિની કરેલી, ટિપ્પન શ્રી ઉદયપ્રભસૂરિનું કરેલું અને અવચૂરિ શ્રી ગુણરત્નસૂરિની કરેલી છે.

આ પાંચ ઉપરાંત એક સૂક્ષ્મ વિચાર સારોદ્ધાર સાર્ધશતક નામનો ગ્રંથ છે. આ ગ્રંથમાં અધિકાર તો શતક કર્મગ્રંથને અનુસરતોજ છે, પરંતુ ગાથાની સંખ્યા વધારે હોવાથી અને શતક સાથે એક થઈ ન જાય તેટલા માટે તેનું નામ સાર્ધશતક રાખવામાં આવ્યું છે. એના કર્ત્તા શ્રી જિનવલ્લભસૂરિછે, પરંતુ ગચ્છની નથી અને ચોથા કર્મગ્રંથના કર્ત્તા જિનવલ્લભ ને આ એકજ જણાય છે. આ કર્મ ગ્રંથની ઉપર ભાષ્ય થયેલી છે. ચૂર્ણિ શ્રીમુનિચંદ્રસૂરિની કરેલી છે. ટીકાઓ બણ શ્રી હરિભદ્રસૂરિ, શ્રી ધનેશ્વરસૂરિ ને શ્રી મહેશ્વરસૂરિની કરેલી છે. ટીપ્પણ પણ થયેલ છે પરંતુ તેના કર્ત્તાનું નામ ઉપલબ્ધ નથી.

આ સાર્ધશતક ગ્રંથ શ્રીધનેશ્વર સૂરિની ટીકા સાથે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી હાલમાં છપાય છે અને પ્રાચીન ૪ કર્મગ્રંથ ટીકા સાથે છપાવવાનો પ્રયત્ન શ્રી આત્માનંદ સભા તરફથી શરૂ છે.

૪ નવ્ય પાંચ કર્મગ્રંથ—આ પાંચે શ્રી દેવેંદ્રસૂરિ મહારાજના રચેલા છે. તેના નામ પ્રાચીન કર્મગ્રંથ પ્રમાણેજ છે અને તેની ઉપર તેમની સ્વોપજ્ઞ વૃત્તિ છે. વૃત્તિનું પ્રમાણ દશ હજાર શ્લોક લગભગ છે. આ પાંચ ને હવે લખાશે તે છેલ્લા કર્મગ્રંથ એ છએ ટીકા સહિત તથા સંસ્કૃત ૪ કર્મગ્રંથ મૂળ શ્રી ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાઈને બહાર પડેલા છે. સંસ્કૃત કર્મ ગ્રંથ ઉપર ટીકા નથી. આ પાંચે ગ્રંથ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચેલી છતાં કોઈ પણ કારણથી ત્રીજા કર્મગ્રંથ ઉપરની ટીકા ઉપલબ્ધ થતી નથી. તે ગુમ થઈ જવાથી સ્થાનશૂન્ય ન રહેવા માટે કોઇ આચાર્યે અવચૂરી બનાવીને તે સ્થળે દાખલ કરી દીધી છે અને તેવો પ્રગટ ઉલ્લેખ પણ કરેલો છે. પોતાનું નામ આપ્યું નથી. આ પાંચે કર્મગ્રંથની વૃત્તિ કયા ક્રમે બનાવી હશે તે ચોકસ થઈ શકતું નથી, કારણ કે તેમાં પ્રથમના ગ્રંથોમાં પાછળના ગ્રંથોની ટીકાની સાક્ષીઓ આપેલી છે. આ પાંચે કર્મગ્રંથ ઉપર બે અવચૂરિઓ બનેલી છે. એક શ્રી મુનિશેખરસૂરિની રચેલી છે ને બીજી શ્રી ગુણરત્ન સૂરિની રચેલી છે. બીજા કર્મગ્રંથ ઉપરથી કર્મસ્તવ વીવરણ નામનું બહુ પ્રકરણ શ્રી કમળસંયમ ઉપાધ્યાયે રચેલું છે. આ કર્મગ્રંથની પ્રવૃત્તિ બહુ વિશેષે પ્રચલિત છે. તેના કર્ત્તાએ ટીકા બહુજ સરલ બનાવી છે. તેઓ તેરમા સૈકામાં વિદ્યમાન હતા, કારણકે સંવત ૧૩૨૬ માં તેઓ સ્વર્ગવાસી થયેલા છે.

૫ સત્તરી અથવા સપ્તતિકા નામે કર્મગ્રંથ કે જે હાલ છઠ્ઠો કર્મગ્રંથ તરીકે પ્રસિદ્ધિમાં છે, પરંતુ તે પાંચ નવ્ય કર્મગ્રંથ કરતાં ઘણો પ્રાચીન છે. તેના કર્ત્તા શ્રી ચંદ્રર્ષિ મહત્તર છે કે જેઓ પંચ સંગ્રહના પણ કર્ત્તા છે. તેમણે આ કર્મગ્રંથ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ પણ રચી છે. ચૂર્ણિ રચાયેલ છે પણ તેના કર્ત્તાનું નામ ઉપલબ્ધ નથી. સ્વોપજ્ઞ ઉપરાંત બીજી બે વૃત્તિ શ્રી મલયગિરિજી તથા મુનિશેખરસૂરિ કૃત છે. તેમાંની મલયગિરિજીવાળી વૃત્તિ વિશેષ ઉપલબ્ધ હોવાથી પ્રચલિત છે. ટિપ્પનક બરતર ગચ્છી રામદેવસૂરિએ રચ્યું છે અને અવચૂરિ શ્રી ગુણરત્નસૂરિએ રચી છે કે જેમણે નવ્ય પાંચ કર્મગ્રંથ ઉપર પણ અવચૂરિ રચેલી છે. આ ગ્રંથમાં બંધ ઉદય ને સત્તા સ્થાનકો બતાવીને તેના સંવેધ દર્શાવેલા છે. કૃતિ બહુ ચમત્કારી અને અદ્ભુત છે.

આ કર્મગ્રંથ બીજા અગ્રાયણી પૂર્વની પાંચમી વસ્તુ માંહેના વીશ પ્રાભૃતમાં ચોથો કર્મપ્રકૃતિ નામે પ્રાભૃત છે, જેના ૨૪ અનુયોગ દ્વાર છે, તેમાંથી ઉદ્ધરેલ છે. કર્મપ્રકૃતિ ગ્રંથ શ્રી શિવશર્મસૂરિ મહારાજે પણ આ પ્રાભૃતમાંથીજ ઉદ્ધરેલ છે. કોઈ આઠમા કર્મપ્રવાદ પૂર્વમાંથી તે ઉદ્ધરેલ છે એમ કહે છે પણ તે માત્ર નામને અંગે કરેલી કલ્પના છે. કર્મપ્રવાદ પૂર્વમાં તો આખા પૂર્વમાં કર્મનીજ હકીકત હોવાનો સંભવ છે, પરંતુ અત્યારે તે પૂર્વ કે તેમાંથી ઉદ્ધરેલ ગ્રંથ કાંઈપણ લભ્ય ન હોવાથી તે વિષે કાંઇ લખી શકાતું નથી. આ સપ્તતિકા કર્મગ્રંથમાં બંધ ઉદય સત્તા સ્થાનના સંવેધ અને તેના ભંગ બતાવ્યા પછી પ્રાંતે ઉપશમ શ્રેણી તથા ક્ષપક શ્રેણીનું સ્વરૂપ બતાવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચ નવ્ય કર્મગ્રંથ પૈકી. પહેલાની ગાથા ૬૧ છે, તેમાં કર્મપ્રકૃતિના નામો ને તેના સ્વરૂપની વ્યાખ્યા છે. બીજા કર્મગ્રંથની ગાથા ૩૫ છે, તેમાં ચૌદ ગુણઠાણે બંધ ઉદય ઉદીરણા ને સત્તામાં કેટલી કેટલી કર્મપ્રકૃતિઓ હોય તે બતાવેલ છે. ત્રીજા કર્મગ્રંથની ગાથા ૨૫ છે, તેમાં ગત્યાદિ મૂળ માર્ગણા ૧૪ ને ઉત્તર માર્ગણા ૬૨ માં કેટલા કેટલા ગુણઠાણા હોય ને તે તે ગુણઠાણે બંધમાં કેટલી કેટલી પ્રકૃતિઓ હોય તે બતાવેલું છે. ચોથા કર્મગ્રંથની ગાથા નામ પ્રમાણે ૮૬ જોઈએ પણ ત્રણ ગાથા ક્ષેપક ભળવાથી હાલ ૮૯ ગાથા છે, તેમાં જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધ, અલ્પબહુત્વ, ભાવ, સંખ્યાતા, અસંખ્યાતા ને અનંતાનું સ્વરૂપ–એમ બાર દ્વાર છે. પાંચમા કર્મગ્રંથની ગાથા નામ પ્રમાણે શો જ છે. તેનું નામ લઘુ શતક રાખેલું છે. તેમાં કર્મપ્રકૃતિના ૧૬ પ્રકાર, ચાર પ્રકારની બંધ વિધિ, ચાર પ્રકારે બંધના સ્વામી અને ઉપશમ શ્રેણી તથા ક્ષપક શ્રેણીનું સ્વરૂપ એમ ૨૬ દ્વાર છે. આ લઘુશતક કમ્મપયડી, પંચસંગ્રહ તથા વૃહત્ શતકાદિ ગ્રંથોમાંથી ઉદ્ધરીને બનાવ્યો છે. છઠ્ઠા કર્મગ્રંથની નામ પ્રમાણે ગાથા ૭૦ જોઈએ, તેમાં ભાષ્યની ગાથાઓ ભેળવી ૮૯ કર્યાનો લેખ છે. ઉપરાંત ૪ ગાથાઓ બીજી ભળવાથી હાલ ૯૩ ગાથાઓ બાળાવબોધમાં છે, ટીકામાં તો ૭૫ ગાથાઓ છે. આ કર્મગ્રંથમાં શું શું અધિકાર છે તે ઉપર જણાવેલ છે.

૬ સંસ્કૃત ચાર કર્મગ્રંથ આગમિક જયતિલક સૂરિએ રચેલા છે. તેની અંદર નવ્ય પાંચે કર્મગ્રંથનો સમાવેશ કરેલો છે.

પહેલો પ્રકૃતિવિચ્છેદ નામે ગ્રંથ ૧૩૯ શ્લોક પ્રમાણ છે, તેમાં પહેલા ને બીજા કર્મગ્રંથનો સમાવેશ છે. બીજો સૂક્ષ્મઅર્થ સંગ્રહ નામે ગ્રંથ ૨૦૨ શ્લોક પ્રમાણ છે, તેમાં ચોથા કર્મગ્રંથનો સમાવેશ છે. ત્રીજો પ્રકૃતિ સ્વરૂપ નિરૂપણ નામે ગ્રંથ ૧૮૧ શ્લોક પ્રમાણ છે, તેમાં પાંચમા કર્મગ્રંથનો સમાવેશ છે અને ચોથો બંધ સ્વામિત્વ નામનો ગ્રંથ ૪૭ શ્લોક પ્રમાણ છે, તેમાં ત્રીજા કર્મગ્રંથનો સમાવેશ છે. આ પ્રમાણે ક્રમ ફેરવવાનું કારણ સમજી શકાતું નથી. કુલ શ્લોક સંખ્યા ૫૬૯ ની છે. તે મૂળ માત્ર શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી છ કર્મ ગ્રંથની ટીકાની પછી છપાવેલો છે.

ઉપર પ્રમાણે મુખ્ય છ અને પેટા વિભાગ ગણીએ તો ૧૮ ગ્રંથોનું મૂળ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ, અવચૂરિ, દીપક, ઉદ્ધાર, વિવરણ વિગેરેનું પ્રમાણ સવા લાખ શ્લોક લગભગ થવા જાય છે. કર્મસંબંધી વિવરણ જૈનદર્શનમાં એટલું બધું સૂક્ષ્મ પ્રકારનું બતાવેલું છે કે જેના અંશ જેટલું પણ અન્ય દર્શનમાં બતાવેલું નથી. કર્મ સંબંધી વિચાર એવો સૂક્ષ્મ અને અહોળો તેમજ ગંભીર છે કે તેને માટે જૈન શાસ્ત્રો અપ્રતિમપણું ધરાવે છે. જ્યાં સુધી જૈનોનું તત્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન અને કર્મ સંબંધી ફીલોસોફી અન્ય દર્શનીઓનાં વાંચેવામાં આવેલ નથી ત્યાં સુધી તેના મહત્વની તેને જેમ ખબર નથી તેમજ એ વિષયમાં ચંચુપાત નહીં કરેલા જૈન બંધુઓને પણ તેના મહત્વની ખબર પડતી નથી. આ વિષય એટલો બધો રસીક છે કે તેનો જેને રસ લાગે તેને તે રસ અપૂર્વ જણાય છે; પરંતુ જ્યાં સુધી તેનો રસ લાગતો નથી ત્યાં સુધી તે તદન શુષ્ક જણાય છે. આ વિષયમાં પ્રવેશ કર્યો પછી અને તેમાં રસ પડ્યા પછી સર્વત્ર જ્યાં દૃષ્ટિ નાંખે ત્યાં કર્મનું ચિત્રજ દૃષ્ટિગોચર થાય છે, તે વિના બીજું ચિત્રજ દેખાતું નથી.

કર્મ સંબંધી વિષયમાં ૬૨ માર્ગણા વિગેરેને અંગે અનેક પ્રકારના ભંગો થાય છે. તેના યંત્રો બહુ બહુ અનેક પ્રકારે લખેલા પુસ્તકોના સંગ્રહોમાં મોજુદ છે. તેનો સંગ્રહ પણ છપાવીને પ્રસિદ્ધ કરવા લાયક છે. હાલમાં એ સંબંધમાં કાંઈક પ્રયત્ન ચાલે છે, તેનું ફળ થોડા વખતમાં બહાર આવવા સંભવ છે.

આપણી જૈન કોન્ફરન્સ ગત વર્ષમાં મુલતાન ખાતે મળી હતી. તેની અંદર તે પ્રદેશ દૂર હોવાને કારણે તેમજ શીત ઋતુ હોવાને કારણે આ તરફથી કોઈ પણ ગૃહસ્થે ભાગ લીધો નહોતો. ચાલુ વર્ષમાં હજુ તેને માટે કાંઈ હીલચાલ જણાતી નથી. ઘણા સુજ્ઞ ભાઈઓનો વિચાર માત્ર કેળવણી કોન્ફરન્સ મેળવવાનો બહુ વખતથી જણાય છે, તો આ સાહિત્ય સંમેલન તે કેળવણીનુંજ એક અંગ છે અને કેળવણી કોન્ફરન્સ મળે તો સાહિત્ય સંમેલનનો પણ તેમાં સમાવેશ થઇ શકે તેમ છે. સબબ આ સંમેલનમાં કેળવણીના હિમાયતી સુજ્ઞોએ અવશ્ય આવવાની આવશ્યકતા છે. જો આપણું સાહિત્ય સારી સ્થિતિમાં હશે, વૃદ્ધિ પામતું હશે અને ઘટતું નહીં હોય તો આપણી ઉન્નતિ અવશ્ય થશે એમ માનવું. કોમનું હિત ઇચ્છનારા બંધુઓએ આવા સંમેલનોમાં આવીને તેનો પ્રવાહ ખરે રસ્તે વહેવરાવવાની જરૂર છે. આ સંબંધમાં વિશેષ ન લખતાં જૈનસાહિત્ય સંમેલનની કુતેહ ઇચ્છીને આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે.

તા. ૭-૨-૧૪
માહ શુદિ ૧૨.

કુંવરજી આણંદજી.
ભાવનગર.

તા. ક.—આ સાથે અત્યારે જમાનાને ખાસ ઉપયોગી થઇ પડે એવા ગ્રંથો 'ચરિત્ર માળા' દ્વિક જમાનાને અનુસરતી શૈલીમાં યોજવા સૂચના કરવા યોગ્ય છે, તે ચરિત્રો દ્વારા ધર્મ, નીતિ રીતિનું પોષણ થઇ શકે અને આપણામાં હજી મંદ સ્થિતિમાં જણાતો વાંચનશોખ કંઇક સારી સ્થિતિ ભોગવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન સાહિત્ય સંમેલન.

જોધપુર તા. ૩–૪–૫ માર્ચ.

સંવત ૧૯૭૦ ના ફાગણ શુદ ૬–૭–૮. મંગળ, બુધ, ગુરૂ.

આ સંમેલનમાં કાઠીઆવાડ ગુજરાતમાંથી બહુ અલ્પ માણસો ગયા હતા. મારવાડમાંથી સોજત, પાલી, સાદરી, બીયાવર વિગેરે શેહેરોમાંથી સુમારે ૫૦૦ માણસો આવ્યું હતું. મંડપ તરીકે એક મહાન તંબુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની નીચે પાંચ હજાર માણસો સુગેથી બેસીને સાંભળી શકે તેમ હતું. તંબુની એક દિશા તરફ પ્રમુખ માટે સ્ટેજ મૂકયું હતું. તેની ઉપર માત્ર બે ખુરશીઓજ મૂકવામાં આવી હતી. તેની જમણી બાજુએ મુનિમહારાજ માટે ઉંચી બેઠક ગોઠવવામાં આવી હતી. ડાબી બાજુએ યતિઓ માટે બેઠક રાખી હતી. પાછળના ભાગમાં સાધ્વીજીને બેસવા માટે જુદા તંબુમાં ગોઠવણ રાખી હતી. પ્રમુખની બેઠકની આસપાસ સુમારે ૫૦૦ ખુરશીઓ ગોઠવી હતી. બાકીની બેઠક રેતીનો સમૂહ એકત્ર કરીને ઢાળ પડતી બનાવવામાં આવી હતી. વોલંટીયરો પણ સારૂં કામ બજાવતા હતા.

પહેલે દિવસે કલકત્તાની સંસ્કૃત કોલેજના પ્રીન્સીપાલ મહામહોપાધ્યાય સતીશચંદ્ર વિદ્યાભૂષણ એમ. એ. પી. એચ. ડી. એ પ્રમુખસ્થાન લીધા બાદ રીસેપ્શન કમીટીના પ્રમુખ મુત્તા બાબતાવરમલજીનું ભાષણ હિંદીમાં વાંચવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાનું ભાષણ ઇંગ્રેજીમાં કર્યું હતું. તેનો સાર એક વિદ્વાને હિંદીમાં કહી સંભળાવ્યો હતો. ત્યારબાદ સબ્જેકટ કમીટીની નીમણોક થઈ હતી. તે કમીટીએ રાત્રે તેજ મંડપમાં ચાર કલાક બેસીને પસાર કરવાના ઠરાવો ઇંગ્રેજી ને હિંદી ભાષામાં તૈયાર કર્યા હતા. તેજ તેના વકતા પણ મુકરર કર્યા હતા.

બીજા દિવસની બેઠકમાં શ્રી વિજયધર્મસૂરિએ વ્યાખ્યાન કર્યું હતું, અને તે શ્રોતાઓએ ઘણા આનંદથી શાંત ચિત્તે સાંભળ્યું હતું. તેની અસર પણ શ્રોતાઓપર સારી થયેલી જણાતી હતી.

બેઠકના પ્રારંભમાં ને અંતમાં શ્રી પાલીતાણા યશોવિજયજી પાઠશાળામાંથી આવેલા લઘુ વિદ્યાર્થીઓએ ગાયન કરીને લોકોના મનનું રંજન કર્યું હતું. તેમાંના એક વિદ્યાર્થીએ તો ભાષણ પણ એવું અસરકારક કર્યું હતું કે તે વખતેજ તે વિદ્યાર્થીને પારિતોષિક તરીકે જુદા જુદા ગૃહસ્થ તરફથી રૂ ૨૫) મળ્યા હતા.

બીજા દિવસની બેઠકના પ્રારંભમાં જર્મનથી આવેલા પ્રોફેસર ડો. હર્મન જેકોબીએ ઇંગ્રેજીમાં ભાષણ આપ્યું હતું. તેનો સાર પણ હિંદીમાં સમજાવવામાં આવ્યો હતો. સંસ્કૃતમાં પણ તેઓ થોડુંક બોલ્યા હતા. મુનિરાજથી કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવતી આવશ્યક (પ્રતિક્રમણ) ની ક્રિયા જોવા માટે ડૉ. હર્મન જેકોબી તથા સતીશચંદ્ર વિદ્યાભૂષણ તે દિવસે સાંજે પધાર્યા હતા. તેમણે તમામ ક્રિયા દ્રષ્ટિએ જોઇ હતી, અને તેનો તાત્પર્ય તેમને ઇંગ્રેજીમાં તેમજ હિંદીમાં સમજાવવામાં આવ્યો હતો.

બીજે ને ત્રીજે દિવસે પધાર થયેલા ઠરાવો અત્ર નીચે આપેલા છે. તે ઠરેઠ ઠરાવ મૂકતાં ઠરાવ મૂકનાર અને તેને અનુમોદન આપનાર પોતપોતાની શક્તિના પ્રમાણમાં બોલ્યા હતા. તેની ટુંકી નોટ ફાગણ શુદિ ૧૪ ના જૈન શાસનમાં પ્રગટ થયેલ છે રીસેપ્શન કમીટીના પ્રમુખનું ભાષણ ત્યારે અગાઉના અંકમાં પ્રગટ થયેલ છે, અને પ્રમુખનું તથા ડૉ. હર્મન જેકોબીનું ઇંગ્રેજી ભાષણ સંમેલનના રીપોર્ટની અંદર પ્રગટ થનાર છે.

આ પ્રસંગ ઉપર બહાર ગામથી માગવામાં આવતાં ૨૫ લેખો (૪ ઇંગ્રેજી, ૧૦ હિંદી તેમજ ૧૧ ગુજરાતી ભાષામાં) લખાઇને આવ્યા હતા. વખતના સંકોચને લીધે સંમેલનમાં તે વાંચવાનું બની શકયું નહોતું. લેખોનો મોટો ભાગ ઉપયોગી છે તેથી તે તમામ લેખો રીપોર્ટની અંદર પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. રીપોર્ટ છપાવવામાં થનારો ખર્ચ આપવાનું એક ગૃહસ્થે સ્વીકાર્યું છે.

આ પ્રસંગની અંદર પોતાની સહાનુભૂતિ દર્શાવવા માટે બહાર ગામથી પુષ્કળ તાર ને કાગળો આવ્યા હતા. તેનાં નામોનું લીસ્ટ જૈન શાસનની અંદર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ત્રણે દિવસની બેઠકમાં જોધપુર રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓએ, ત્યાંના અને બહાર ગામના વિદ્વાનોએ, તેમજ જૈની શિવાયના અન્ય દર્શની સંખ્યાબંધ ગૃહસ્થોએ ભાગ લીધો હતો. તેઓ બધા મુક્ત કંઠે જૈનધર્મની પ્રશંસા કરતા હતા. કારણ કે આવો મેળાવડો જોધપુર શહેરમાં સો પચાસ વર્ષમાં કોઇ પણ વખતે થયેલો નહોતો.

ચોથે દિવસે તેજ મંડપમાં મુનિમહારાજાઓનાં ભાષણો થયાં હતાં, તે સાંભળવાને માટે પણ સંખ્યાબંધ માણસો એકત્ર થયાં હતાં. પાંચમે દિવસે ગુરાંના તળાવ પરના જૈનમંદિરમાં મેળો હોવાથી શ્રાવકોનો મોટો ભાગ ત્યાં ગયો હતો. ત્યાં સ્નાત્ર પૂજા, સ્વામીવત્સલાદિ થયાં હતાં. છઠ્ઠે દિવસે ઓસીયાનગરીની જાત્રાએ જવા માટે સ્પેશ્યલ ટ્રેન મૂકવામાં આવી હતી. તેથી ત્યાં પણ પુષ્કળ જૈન બંધુઓ ગયા હતા. આ નગરી સંબંધી વર્ણન ખાસ જાણવા યોગ્ય હોવાથી તે આગળ ઉપર આપવામાં આવનાર છે, તેથી અહીં વિશેષ લખવામાં આવ્યું નથી.

આ સંમેલનમાં ભાગ લેવા માટે અમારી સભાના પ્રમુખ કુંવરજી આણંદજી અને સભાના શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ ગયા હતા. તેઓએ ત્યાંથી નીકળ્યા બાદ ફલોધી, મેડતા, પાલી વિગેરેની યાત્રાનો લાભ લીધો હતો. સંમેલન સંબંધી ટુંક હકીકત આપીને હવે તેમાં પધાર થયેલા ઠરાવો ગુજરાતી ભાષ્યમાં આ નીચે આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોધપુર મુકામે મળેલ પ્રથમ જૈન સાહિત્ય સંમેલનમાં પસાર થયેલા અગત્યના ઠરાવો.

ઠરાવ ૧ લો.

નામદાર બ્રીટિશ સરકારનો આભાર.

ઠરાવ ૨ જો.

જોધપુરના નામદાર મહારાજાનો તથા રિજંટ સાહેબનો આભાર.

ઠરાવ ૩ જો.

રજપૂતાનાના એજંટ ટુ ધી ગવર્નર જનરલ સર ઇ. જી. કેકવીન સાહેબનો ઉપકાર.

ઠરાવ ૪ થો.[1]

જૈન સાહિત્ય સંબંધી તમામ લિખિત પુસ્તકો, હસ્તલેખો, પટ્ટાવલીઓ વિગેરે પ્રમાણિક સાહિત્યોની એક સર્વત્ર મંજુર થયેલી રીતિ પ્રમાણે સાંગોપાંગ નોટ અર્થાત્ લીસ્ટ થવાની અત્યંત આવશ્યકતા છે એમ આ સંમેલન માને છે, અને તેથી ભિન્નભિન્ન રજવાડાઓ, પુસ્તક ભંડારો, સંસ્થાઓ અને મુનિરાજ વિગેરે વ્યક્તિઓ કે જેમની પાસે અથવા જેમના સ્વામિત્વમાં એવી સામગ્રી ઉપસ્થિત હોય તેમને સન્માનપૂર્વક અરજ કરવામાં આવે છે કે પોતપોતાના સંગ્રહની એવી યથાર્થ નોંધ (લીસ્ટ) બનાવીને મોકલવાની કૃપા કરે.

ઠરાવ ૫ મો.

ગવર્મેન્ટ યુનિવર્સિટીમાં બી. એ. ના તેમજ બીજી પરીક્ષાના કોર્સમાં મુંબઇ, મદ્રાસ અને કલકત્તા ખાતે કેટલાક જૈનગ્રંથો દાખલ થએલા છે તે બાતે તે તે યુનિવર્સિટીઓનો આભાર માનવામાં આવે છે. તદુપરાંત વિનતિ કરવામાં આવે છે કે પ્રીવિયસ વિગેરે યુનિવર્સિટીની જે જે પરીક્ષાના કોર્સમાં જૈનગ્રંથો દાખલ કરવામાં આવ્યા ન હોય તે તે કોર્સમાં તેના માટેના યોગ્ય ગ્રંથો દાખલ કરવા કૃપા કરે. આ સંબંધમાં યોગ્ય અધિકારી પાસે આ સંમેલન તરફથી અરજ કરવી.

ઠરાવ ૬ ઠ્ઠો.

જેસલમેર, મેડતા, પાટણ વિગેરે સ્થળોમાં જે જે લેખી પુસ્તકોના અમૂલ્ય ભંડારો હજુ પણ જાહેરમાં મૂકવામાં આવતા નથી, અને જેની અંદર અમૂલ્ય પુસ્તકો હજુ પણ વિનાશ પામે છે, તેનો જૈન બન્ધુઓએ સત્વર પ્રયત્ન પૂર્વક અટકાવ કરવો જોઇએ. આપણો અમૂલ્ય વારસો કોઇ પણ રીતે વિનાશ ન પામે તેમ કરવાની દરેક જૈન બંધુઓની ખાસ ફરજ છે.

---

૧ આ ઠરાવ અમારી સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ રજુ કર્યો હતો તેની પુષ્ટિમાં તેમણે આપેલું ભાષણ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠરાવ ૭ મો.

ભારત વર્ષની જે જે સભાઓ સંસ્થાઓ, અને ગૃહસ્થો તેમજ વ્યક્તિઓએ જૈન સાહિત્યનો સંગ્રહ, સંસ્કરણ, પ્રકાશન તેમજ વ્યાખ્યાન કરવાનું ઉદ્ધાર તેમજ કષ્ટસાધ્ય કાર્ય શુદ્ધ વૃત્તિથી, શુદ્ધ રીતે કર્યું છે તે સર્વને આ સંમેલન હાર્દિક ધન્યવાદ આપે છે, અને તેવો સુ અવસર પોતાને પ્રાપ્ત થવાથી પોતાને પણ ધન્ય માને છે, અને આશા રાખે છે કે તે સભાઓ, સંસ્થાઓ વિગેરે તેમજ અન્ય સભાઓ, સંસ્થાઓ અને વ્યક્તિઓ વિગેરે પણ તેવા પ્રકારનો વિશુદ્ધ પ્રયાસ શરૂ રાખી આ સંમેલનને અનુગૃહિત કરશે.

ઠરાવ ૮ મો.

જૈનતીર્થોમાં તેમજ અન્ય અનેક સ્થળોએ જૈનધર્મની પ્રાચીનતા સિદ્ધ કરનારા અનેક શીલા લેખો છે તેનો તેમજ ધીજા તામ્રપટાદિ જે હોય તેનો તેમજ મૂર્તિની નીચેના ભાગમાં કરવામાં આવેલા લેખોનો એકત્ર સંગ્રહ કરવાની અત્યંત આવશ્યકતા છે; કારણકે એ પણ આપણા સાહિત્યનું એક અંગ છે. આ કાર્ય માટે ખાસ એક કમીટી નીમીને તે દ્વારા તેમજ કોઇ ભાગ્યવાન આત્મ ભોગ આપીને તે સંબંધી પ્રયાસ કરવા ધારે તો તે દ્વારા પ્રયત્ન શરૂ કરવાની ખાસ આવશ્યકતા છે.

ઠરાવ ૯ મો.

યુવાન પુરૂષોના હૃદયમાં જૈનસાહિત્ય પ્રતિ અનુરાગ ઉત્પન્ન કરવા માટે તેમજ અન્ય સાહિત્યોની તુલનામાં એના મહત્વનું સાચું જ્ઞાન ઉત્પન્ન કરવાને માટે અત્યાવશ્યક જૈન પાઠ્ય પુસ્તકોનો બિલકુલ અભાવ દેખીને આ સંમેલન એવાં પુસ્તકોની એક માળા કે જે સ્કુલ તથા કોલેજોમાં ઉપયોગી થઇ શકે તેવી બનાવવાની આવશ્યકતાને આગ્રહ પૂર્વક સ્વીકારે છે.

ઠરાવ ૧૦ મો.

હિન્દુસ્તાન અને બહારના દેશોમાં જૈન સાહિત્યના પ્રચારની ઉચિતતાનેજાણીને, આ સંમેલન પરામર્શ દે છે કે–જૈન દર્શનના ઇતિહાસ, અધ્યાત્મ, અલંકાર, વિજ્ઞાન આદિના ઉપયુક્ત ગ્રન્થોનો ભિન્ન ભિન્ન હિન્દી અને વિદેશી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવે અને આજ ઉદ્દેશથી એ પણ પરામર્શ આપે છે કે, આ કાર્યમાં ભાગ લેવાવાળાઓને ઉત્સાહિત કરવાને માટે પારિતોષિક યા પુરસ્કાર નિયત કરવામાં આવે.

ઠરાવ ૧૧ મો.

પ્રાચીન લેખોની રક્ષાની આવશ્યકતાને જાણતાં આ સંમેલન પરામર્શ આપે છે કે–દેશના ભિન્ન ભિન્ન ભાગોમાં વિકીર્ણ અને અરક્ષિત લેખો તેમજ સંગ્રહયોગ્ય વસ્તુઓની રક્ષાને માટે નિયત કરેલ કેન્દ્રોમાં મ્યુઝિયમ (અદ્‌ભુત સંગ્રહસ્થાન) સ્થાપિત કરવામાં આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠરાવ ૧૨ મો.

આ સંમેલન પ્રત્યેક પ્રસિદ્ધ પત્રકારોને અને તેમાં પણ જૈન પત્રકારોને જૈન સાહિત્યની ઉન્નતિ-પ્રચાર કેવી રીતે થાય? તે સંબંધી વારંવાર આર્ટિકલો લખવાની ભલામણ કરે છે.

ઠરાવ ૧૩ મો.

આ સંમેલન સારી રીતે જાણે છે કે-આના ઉદ્દેશ્યો અને લક્ષ્યો અનુસાર આનું કાર્ય કેટલું કઠીન છે? અને આ સંમેલન એ પણ જાણે છે કે તે કાર્ય જૈનેતર જાતિયો-સંસ્થાઓ અને વ્યક્તિઓની સહયોગિતા અને સદ્ભાવના વિના પૂર્ણ થવું અસંભવિત છે કે જે અમારા સદૃશ ઉદ્દેશ્યો અને લક્ષ્યોથી ઠામ ઠરી રહેલ છે. એટલા માટે આ સંમેલન આદર પૂર્વક તેઓને પ્રાર્થના કરે છે કે-આ સંમેલન તરફ તેઓ પોતાની સહાયતાનો હાથ લંબાવે.

ઠરાવ ૧૪ મો.

આ સંમેલનની એક સ્થાયી કમીટી નીમવાની આવશ્યકતા એમ આ સંમેલન સ્વીકારે છે, કે જે કમીટી બીજું સંમેલન મળતાં સુધી આ સંમેલનમાં થયેલા ઠરાવોનો બની શકે તેટલો અમલ કરવાનો પ્રયાસ શરૂ રાખે, અને બીજું સંમેલન થાય ત્યારે ત્યાં સુધીમાં થયેલ કાર્યોનો સંમેલન સમક્ષ રીપોર્ટ રજુ કરે.

ઠરાવ ૧૫ મો.

બીજું અધિવેશન ક્યાં અને કયારે કરવું? એનો નિર્ણય કરવાની આવશ્યકતા છે. (આ ઠરાવને અંગે જૈન શાસન અંક ૩૭ મો વાંચવાથી જાણવામાં આવશે કે સાદરીના ગૃહસ્થોએ બીજા સંમેલન માટે આમંત્રણ કર્યું છે અને તે સ્વીકારવામાં આવ્યું છે.)

ઠરાવ ૧૬ મો.

સમ્મેલન ઓફીસનું કાર્ય ચલાવવા માટે ખાસ એક સારા ફંડની આવશ્યકતા છે.

(આ ઠરાવને અંગે સુમારે રૂપીઆ બે હજારનું ફંડ થયું છે. તે સંબંધી હકીકત પણ જૈનશાસન અંક ૩૭ મો વાંચવાથી જાણવામાં આવશે.)

ઠરાવ ૧૭ મો.

આ સંમેલન પોતાના તરફથી તથા સમસ્ત જૈનસંઘ તરફથી શ્રીમાન્ ડો. હર્મન જેકોબી સાહેબ પ્રતિ, તેઓના અવિશ્રાન્ત પાણ્ડિત્યપૂર્ણ પરિશ્રમને માટે કે જેથી જૈનશાસ્ત્રના પુનરુદ્ધાર અને ઉન્નતિમાં વિશ્વવ્યાપક અનુરાગ ઉત્પન્ન થવાનું શુભ પરિણામ થયું છે, તથા આ સમ્મેલનના કાર્યમાં પ્રાચીન જૈન પ્રાકૃત સાહિત્યપર ગવેષણા પૂર્ણ નિબંધ વાંચીને સહાયતા દેવાને માટે, તથા સભાપતિ મહાશયની અપરિહાર્ય અનુપસ્થિતિમાં[1] પ્રમુખનું આસન લેવા માટે પોતાની કૃતજ્ઞતા પ્રકાશિત કરે છે.

---

[1] આજ દિવસે પ્રમુખ સાહેબ કલકત્તા તરફ વિદાય થયેલા હોવાથી તેમને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠરાવ ૧૮ મો.

આ સમ્મેલન આપણા સભાપતિ મહામહોપાધ્યાય ડો. સતીશચંદ્ર વિદ્યાભૂષણ એમ, એ, પી, એચ, ડી, ને પોતાનો સમય અને સગવડતાનો ઘણો વ્યય કરીને આ સમ્મેલનની કાર્યવાહીના પ્રમુખ બનવાને માટે હાર્દિક ધન્યવાદ આપે છે. અને તેઓની યોગ્યતા, ચતુરાઇ તથા પાણ્ડિત્ય પ્રતિ પોતાનું બહુમાન પ્રકાશિત કરે છે કે જેઓએ આ સમ્મેલનના પ્રથમ અધિવેશનની સફલતાને સિદ્ધ કરી છે.

ઠરાવ ૧૯ મો.

આ સમ્મેલન, પં. શ્યામવિહારીલાલજી મિશ્ર એમ, એ, જોધપુર રિજન્સી કૉંસિલના મેમ્બરે જે પરિશ્રમ આ સમ્મેલનના પ્રથમ અધિવેશન સંબંધી લીધો છે, તથા આ અધિવેશનના કાર્યમાં હર સમયે જે સલાહો આપી છે, તેના માટે કૃતજ્ઞતા જાહેર કરે છે.

ઠરાવ ૨૦ મો.

આ સમ્મેલન શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય મુનિરાજ શ્રી વિજયધર્મસૂરિ, જેઓ આ સમ્મેલનના જન્મદાતા છે, તેઓને વિનયપૂર્વક વંદન કરે છે. અને તેઓશ્રી જેવા વિદ્વાન અને સ્વાર્થત્યાગી કૃપાળુ મહાત્માની સંરક્ષતા તથા સંચાલકતા પ્રાપ્ત કરવાથી આ સમ્મેલન પોતાનું ગૌરવ સમજે છે.

दिगंबरोनो असत्य पादप्रवेश.

જૈન ધર્મના ત્રણ પ્રીસ્ઠા પૈકી એક દિગંબરો પણ ગણવામાં આવે છે. શ્વેતાંબર આમ્નાયના શાસ્ત્રોમાં કહેલી હકીકત અનુસાર તે મત સુમારે ૧૭૦૦ વર્ષ પહેલાં નીકળેલો છે. અહીં તેમના મંતવ્યને અંગે વાદવિવાદ રૂપ લેખ લખવા ઇચ્છા ધરાવી નથી, પરંતુ તેમના તરફથી હાલમાં થોડાક વર્ષોથી શ્વેતામ્બર આમ્નાયના દરેક તીર્થોમાં જે ઠાંઇ પગપેસારો ઉર્ફે પાદપ્રવેશ કરવામાં આવે છે તેને અંગે આ લેખ લખવામાં આવ્યો છે. તેમાં પ્રથળ ફાગણ ગયા માહ માસમાં પાલીતાણા ખાતે તેમની પ્રાંતિક કૉન્ફરન્સ મળેલી તેમાં તેમની રીસેપ્શન કમીટીના પ્રમુખે કરેલું ભાષણ છે, કે જેની અંદર ' સિદ્ધાચળ ઉપર શ્વેતામ્બર ભાઇઓ તેમનું એક નાનું દેરાસર અને અગાશી (હાલમાં જે ધાબાના નામથી ઓળખાય છે) દબાવી બેઠા છે ' એવો તદ્દન અસત્ય ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક દેરાસરની અંદર કે જેમાં પ્રતિષ્ઠિત મૂળનાયકજી શ્વેતામ્બર આમ્નાયના બિરાજમાન હોય તેમાં કદિ કોઇ માણસ ગમે તેવી છુટી મૂર્ત્તિ ધાતુની યા આરસ વિગેરેની મૂકી દેય અને પછી તે મંદિરનાજ માલેક હોવાનો દાવો ધરાવે તે પાડોશી થઇને ઘરધણી થઇ પડવાની હકીકત કરતાં પણ વધારે ગંભીર પ્રકાર છે. વળી એક અગાશી કે જેને માટે પ્રથમ અનેક પ્રકારના મિથ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રયત્નો કરી ચૂકયા છતાં પરિણામ પોતાની તરફમાં નહીં પણ સામાની તરફમાં આવ્યા પછી હવ્વુ પણ તેવો મિથ્યા દાવો ધરાવ્યા કરવો એ કેટલું બધું અસત્ય માર્ગમાં સતત્ પ્રયાણ સૂચવનાર છે તે સુજ્ઞોએ વિચારવા યોગ્ય છે.

સદરહુ કોન્ફરન્સની બેઠકમાં મારૂં જવું થયું હતું અને તેના પ્રમુખના મધ્યસ્થતાવાળા ભાષણને અંગે કેટલુંક બોલવું પણ થયું હતું. તેજ પ્રસંગે રીસેપ્શન કમીટીના પ્રમુખના ભાષણમાં રહેલા અસત્ય અંશો જાહેરમાં મૂકવા ઇચ્છા સ્ફુરાયમાન થઈ હતી, પરંતુ પરસંસ્થાની મીટીંગમાં જઇને પછી તેની વિરૂદ્ધમાં ત્યાં બોલવું તે અઘટિત જણાવાથી મૌન ધારણ કર્યું હતું.

આજ સુધીમાં દિગંબરી ગૃહસ્થોએ શ્વેતામ્બર આમ્નાયના દરેક તીર્થોમાં પ્રથમ મિત્ર તરીકે પ્રવેશ કરીને પછી તકરારો ઉઠાવેલી છે. સિદ્ધાચળ, ગીરનાર અને તારંગાજી વિગેરેમાં પ્રથમ મિત્ર થઇને પોતાના દેરાસરો બાંધ્યા અને પછી તકરારો ઉઠાવી છે. દરેક ભાઈઓ જાણી શકે તેમ છે કે એ તીર્થો ઉપર ઘણા વર્ષો થયા શ્વેતામ્બર આમ્નાયના સાંધાણંધ દેવાલયો બાંધાયેલાં વિદ્યમાન છે. તેમાં પોતાનું એક દેવાલય કે જે ત્યારપછી સેંકડો વર્ષને અંતરે બાંધવામાં આવેલ છે તે કાર્યકર્ત્તાઓના ભોળાપણુનું જ પરિણામ છે. હવે તેની અંદર રાજ સત્તાને મળી જઇને અથવા બીજી રીતે તકરારો ઉઠાવવા, હક્ક સ્થાપિત કરવા અથવા શ્વેતામ્બર આમ્નાયવાળાના ચાલુ હકો કેમ નાશ પામે તેવા પ્રયત્નો કરવા તે કોઈ પણ રીતે સુજ્ઞોને માટે ઘટિત નથી.

ઉપર જણાવેલા ત્રણ તીર્થો ઉપરાંત મક્ષીજીમાં અને અંતરીક્ષજીમાં પણ પાદપ્રવેશ કરી માલેક અથવા ભાગીદાર થવા પ્રયત્ન કર્યો છે. સંમેતશિખરજીમાં પણ મોટો ધમધમાટ કરી મૂકયો છે. કેશરીઆજી તીર્થની અંદર વહીવટ કરનાર કમીટીમાં ઘુસવાનો પ્રયત્ન ચાલે છે. આ બધું શું સૂચવે છે? પોતાનો મત પાછળના વખતનો હોવાથી પોતાના તીર્થ પ્રાચીન સ્થળે ન હોવાને લીધે પોતાનું મહત્વ કમી જણાતાં તેમાં વધારો કરવાનો આ બધો પ્રયાસ છે, પરંતુ પરિણામે જય તો સત્યનોજ થાય છે. તેમ છતાં કદાપિ કોઇ પણ કારણથી કોઇ જગ્યાએ ઓછું વત્તું ફાવી જવાય તો તેથી પણ રાજી થઇ જવાનું નથી. કારણ કે તેનું પરિણામ પણ દીર્ઘ કાળે સત્યની તરફમાંજ આવશે એમ ચોકસ સમજવાનું છે.

દિગંબરી જિનપ્રતિમાના મુખ્ય લક્ષણ કચ્છોટના આકાર રહિત તદ્દન નગ્ન સ્થિતિ અને ચક્ષુનો અભાવ એ બે છે. તે પૈકી પ્રત્યક્ષ રીતે જ્યાં કચ્છોટનો સદ્ભાવ હોય ત્યાં પણ પ્રવેશ કરવો અથવા અંતરીક્ષજીમાં છતા કચ્છોટને કેટલોક ઘસી નાખવાનો જે અત્યાચાર કર્યો છે તેમ કરવું તે કોઈ પણ રીતે જિનાજ્ઞામાં વર્ત્તવા ઇચ્છતા શ્રાવક ભાઇઓને યોગ્ય નથી. આમાં જિનાજ્ઞા તો દૂર રહે છે, માત્ર દુરાગ્રહ કે જેનું ઉત્પ[illegible] છે તે આપણા આત્મા છે અને પાછી તે નચાવે તેમ નાચવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ટુંકો લેખ પ્રથમજ લખવામાં આવ્યો છે અને તે પણ ખાસ દિગંબર ભાઈઓના હિતાર્થે લખવામાં આવ્યો છે. એટલા ઉપરથી જો તેઓ પોતાના દુરાગ્રહને તજી દઈ જ્યાં ત્યાં અસત્ય પાદપ્રવેશ કરવાની ઇચ્છાને રોકી સત્ય માર્ગ ગ્રહણ કરશે તો લેખકનો પ્રયાસ સફળ થશે. અને તેમનું પણ હિત થશે. અન્યથા બન્ને વર્ગને અંદર અંદર કલેશ, કોર્ટના ખર્ચ, વખતનો ભોગ અને અન્ય જનોને જોવા માટે મળતું કૌતુક કાયમ રહેશે. કારણ કે પરસ્પર સંપથી વર્તવાના ઠરાવો કરવાથી સંપ થઈ જતો નથી પણ સત્ય માર્ગે પ્રયાણ કરી અસત્ય માર્ગ તજી દેવામાં આવે ત્યારેજ સંપ થાય છે. કહી કોઈ કહેશે કે 'બે હાથ વિના તાળી પડતી નથી' તો જેમ દિગંબરી ભાઈઓએ શ્વેતામ્બર આમ્નાયના તીર્થોમાં પ્રવેશ કરવાના પગલાં ભર્યા છે તેમ દિગમ્બરના બેઠ પણ તીર્થમાં શ્વેતામ્બર ભાઈઓએ પાદપ્રવેશ કર્યો છે? કર્યો હોય તો બતાવો. પણ બતાવે કયાંથી? મૂળ તો તેમનો મત જ અર્વાચીન હોવાથી તેમના પ્રાચીન તીર્થ છેજ નહીં અને દક્ષીણ દેશમાં જે જે તીર્થો તેમણે પોતાના માન્યા છે તેમાં શ્વેતાંબર ભાઈઓ દૃષ્ટિપાત પણ કરતા નથી. માટે બેઠ બાજુનોજ દુરાગ્રહ છે એમ સિદ્ધ થાય છે. હાલ આટલુંજ લખી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. પ્રસંગ પડશે તો આગળ ઉપર વધારે વિસ્તારથી લખવા પ્રયત્ન કરી તેમની અસત્યતા વધારે સિદ્ધ કરી આપવામાં આવશે. કુંવરજી આણંદજી.

સાતમા વ્રત ઉપર ધર્મરાજાની કથા.

જે ભોગ તથા ઉપભોગને લાયક વસ્તુને પરિમિતપણે ગ્રહણ કરવામાં આવે તે ભોગોપભોગ નામનું બીજું ગુણવ્રત કહેવાય છે. આ ભોગોપભોગ નામનું સાતમું અણુવ્રત પુણ્ય લક્ષ્મીને નિવાસ કરવાનાં અદ્વિતીય કમળરૂપ છે. આશ્ચર્ય એ છે જે આ કમળ સત્પુરૂષોને આ લોકમાં તથા પરલોકમાં પણ સુગંધયુક્ત કરે છે. ભોગોપભોગનું પ્રમાણ કરનાર કુશળ માણસ આ સાતમા અણુવ્રતની લીલાએ કરીને ધર્મની જેમ પૂર્વે ઉપાર્જન કરેલા કર્મરૂપી રોગથી પણ મુક્ત થાય છે.

આ વ્રતના આરાધન ઉપર ધર્મરાજાની કથા છે તે આ પ્રમાણે—

ધર્મરાજાની કથા.

સર્વ વિદ્યાઓમાં દેદીપ્યમાન સાહિત્યની જેમ સર્વ નગરીઓમાં ઘણી શોભારૂપ લક્ષ્મીવાળું **શ્રીકમળ** નામે પ્રસિદ્ધ નગર છે. તેમાં રાજાઓના મુગટરૂપ **સત્ય** નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાના ખડ્ગને શત્રુઓ કાળરાત્રિના આરિસાની જેમ જોતા હતા. તે શ્રેષ્ઠ રાજા કળાઓના સ્થાનરૂપ સંભગ્ર ક્ષત્રિયના ગુણોથી જાણે આશ્રય કરાયો હોય તેમ કોના કોના નમસ્કારને ન પામ્યો? અર્થાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વને તે નમસ્કાર કરવા લાયક થયો હતો. એક દિવસે તે સત્ય રાજાની પાસે આવીને જ્યોતિષ શાસ્ત્રના પંડિતો બોલ્યા કે-" હે રાજન્! પૃથ્વીપર આજથી બાર વરસ સુધી દુકાળ પડશે. " તે વચન સાંભળીને " આ પંડિતોની વાણી સર્વથા અન્યથા થતી નથી. " એમ ધારીને રાજા વાયુવડે તૃણની જેમ કંપવા લાગ્યો. ત્યાર પછી તે રાજાએ રૂપું, સુવર્ણ અને રત્ન વિગેરે સર્વ ધનનો વ્યય કરીને ધાન્યનો તથા ઘાસનો ઘણો સંગ્રહ કર્યો. પછી સર્વત્ર સર્વે લોકો અન્નનો સંગ્રહ કરવામાં વ્યગ્ર થવાથી તે દેશમાં કોઇ જુદાજ પ્રકારનો દુકાળ પેઠો. તે એ કે અન્નનો સંગ્રહ કરવા માટે સર્વ અલંકારોનો પણ વ્યય કરવાથી માણસો ફાગણ માસમાં જેનાં પાંદડાં ખરી પડ્યાં છે એવા શાલવૃક્ષના સમૂહની જેવા દેખાવા લાગ્યા. પછી પ્રજાઓના સ્વામીપણાએ કરીને લજ્જા પામેલો રાજા શોકથી વિચાર કરવા લાગ્યો કે " મારી કેટલીએક પ્રજાઓ ધાન્ય અને ધનથી રહિત છે, તે ક્યાં જશે? " આ પ્રમાણે નિરંતર ઉગ્ર ચિંતાથી તપેલા રાજાના હર્ષને માટે અષાઢ માસના પહેલે દિવસે પૂર્વ દિશાનો વાયુ વાવા લાગ્યો. પછી હર્ષ પામેલા રાજાએ પૂર્વ દિશામાં જાણે સુકાળરૂપ ફળદાયક વૃક્ષના અંકુરો હોય તેવો વાદળાનો લેશ જોયો. ભાગ્યવંત મનુષ્યની લક્ષ્મીની જેમ તે વાદળાનો લેશ રાજાના હર્ષની સાથે અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યો. પછી અનાવૃષ્ટિના ગ્રહોને જાણે વીજળી રૂપી આંગુલી વડે તર્જના કરતો હોય, બગલીઓ રૂપી દાંતો વડે જાણે જોષીઓની વાણીને હસતો હોય, પોતાના દેખાવ માત્રથીજ દુર્ભિક્ષ રૂપી શત્રુનું ભક્ષણ કરીને જાણે ગર્જના કરતો હોય તથા મુશળધારા વૃષ્ટિએ કરીને જાણે પૃથ્વીના દુઃખના કડકા કરતો હોય એમ બે સમુદ્રના જળનું આકર્ષણ કરવા માટે નાળ યંત્રના જેવું જેનું ધનુષ છે એવો મેઘ પ્રજાઓના અત્યંત હર્ષાશ્રુથી ઘાટો થઇને વરસવા લાગ્યો. પછી " આ વૃષ્ટિએ કરીનેજ આપણને સુકાળ થયો" એમ બોલતા લોકો પરસ્પર હાથ તાળી દઇને જોષીઓની વાણીનો ઉપહાસ કરવા લાગ્યા. ત્યારપછી પૃથ્વીને કૃતાર્થ કરીને જાણે લોકોની સ્તુતિથી ભય પામ્યો હોય એમ તે મેઘ ક્યાંઇ પણ જતો રહ્યો. " મહાન પુરૂષોની આજ રીતિ હોય છે. "

ત્યાર પછી બીજે દિવસે ચિંતાના સંતાપથી નિવૃત્તિ પામેલા રાજા પાસે આવીને ઉદ્યાનપાળે મસ્તક પર બે હાથ જોડી વિનંતિ કરી કે-" હે દેવ! આપના ઉદ્યાનમાં ચાતુર્માસ વસવાના નિશ્ચયથી રહેલા યુગંધર મુનિને આજે ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. " તે સાંભળીને ઉત્તમ પ્રીતિદાનવડે તે ઉદ્યાનપાળને સંપૂર્ણ કરીને (સંતોષ પમાડીને) માયા રહિત સત્કૃત્ય કરનાર એ કુશળ રાજા ઉપવનમાં ગયો. ત્યાં તેણે તે મુનિને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી પછી તેમના મુખથી ધર્મદેશના શ્રવણ કરી તે રાજાએ હાથ જોડીને મુનિને પૂછ્યું કે-" ભગવન્! તે જોષીઓનું પૃથ્વીપર અવૃષ્ટિના વિષયવાળું વચન કેમ અસત્ય થયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારે કેવળી બોલ્યા કે– "હે રાજન્! ગ્રહોના તથાપ્રકારના યોગને લીધે બાર વર્ષ સુધી દુકાળ થવાનો હતો, પરંતુ જે કારણને લઇને તેમ ન થયું તે કારણ તે ભોગીઓના અવિષયવાળું છે. સાંભળો—**પુરિમતાલ** નામના પુરમાં **પ્રવર** નામે એક પુરૂષ હતો. તે યુવાન છતાં પણ પોતાના કર્મને લીધે મહારોગોવડે પરાભવ પામ્યો હતો. ષડ્રસના સ્વાદમાં ચપળ એવી જિહ્વાના રસવાળો તે પ્રવર જે જે સ્વાદિષ્ટ આહારને લેતો હતો તે તે આહાર તેને વિકાર કરતો હતો. તેથી તેણે વિચાર કર્યો કે–"જે આહાર શરીરનું અહિત કરનાર છે તેનું પ્રત્યાખ્યાન કરીને મારે તેના આહારનું ફળ કેમ ગ્રહણ ન કરવું? નિઃશૂકતાને લીધે દૃષ્ટિનો સંકોચ કરનારી સ્ત્રીઓ મને ભજતી નથી, તેથી તેમનું સાક્ષાત્ પ્રત્યાખ્યાન કરીને મનુષ્ય જન્મનું ફળ કેમ ગ્રહણ ન કરવું?" આ પ્રમાણે વિચાર કરીને બુદ્ધિમાનને વિષે શ્રેષ્ઠ અને ઉજ્વલ મતિવાળો તે પ્રવર ગુણોએ કરીને મોટા એવા ગુરૂને સાક્ષીરૂપ કરીને આ પ્રમાણે બોલ્યો કે–"સ્નિગ્ધ, ખાટા, મીઠા અને ખારા આહારને હું ખાઇશ નહીં. તથા ઊનોદરી વ્રત ધારણ કરીને કડવા, તીખા અને કષાયલા (તુરા) આહારને હું ગ્રહણ કરીશ. જેઓને વિષે આસક્ત થયેલા પુરૂષોને મુક્તિરૂપી સ્ત્રી જાણે ઇર્ષ્યાએ કરીનેજ હોય તેમ જોતી પણ નથી, તેવી સંસારસાગરની અધિદેવતારૂપ સ્ત્રીઓનું હું પ્રત્યાખ્યાન કરૂં છું." આ પ્રમાણે ગ્રહણ કરેલા વ્રતને પાલન કરતો ઘણા સત્વવાળો તે પ્રવર અનુક્રમે રોગોથી મુક્ત થયો. "સુકૃતને શું અસાધ્ય છે?" નિરોગતાને પામ્યા છતાં પણ તે ધીર પુરૂષે વ્રતનો ત્યાગ કર્યો નહીં. અને તેથી તે અનુક્રમે મોટી સંપત્તિનો સ્વામી થયો. તેના ઘરને વિષે કામદેવના નૃત્યમાં જેમની દૃષ્ટિ વિકાસ પામી છે એવી દાસીઓ જાણે કે અલ્પ વૈભવવાળા સ્વર્ગનો ત્યાગ કરીને આવેલી દેવાંગનાઓજ હોય તેવી શોભતી હતી, છતાં સર્વ વિષયો ઉત્તમ સંયમગુણવાળા મનરૂપી સ્તંભને વિષે નિયંત્રિત થયેલા તેના ઇંદ્રિયસમૂહનું આકર્ષણ કરવાને શક્તિમાન થયા નહીં. હંમેશાં તેને કોટી (કરોડો) માર્ગે કરીને જે ધન આવતું હતું તે (ધન) સુપાત્રદાન, અનુકંપાદાન અને ઔચિત્યદાનરૂપી ત્રણ માર્ગે જતું હતું.

એકદા પૃથ્વીપર અન્નને માટે લડાઇ કરવામાં તત્પર થયેલા પિતા, ભ્રાતા અને પુત્રાદિકે કરીને ભયંકર તથા ગરીબ લોકોથી ન જોઇ શકાય એવો દુકાળ પડ્યો. તે વખતે બીજા દાતારોનાં દાન નાશ પામ્યાં, પરંતુ તે પ્રવરનું દાન તો વૃદ્ધિ પામવા લાગ્યું. "ઉનાળામાં સરોવરનું પાણી સુકાઇ જાય છે, પણ સમુદ્ર તો અધિક કલ્લોલોવાળો થાય છે." જેમ સંસારથી ભય પામેલા લોકો સર્વજ્ઞે ઉપદેશ કરેલા ધર્મનુંજ સર્વથા સેવન કરે તેમ દુર્ભિક્ષથી ભય પામેલા જગતના લોકોએ તેનોજ આશ્રય કર્યો. તે પ્રવર દૂર દેશોથી આવેલા સંખ્યાબંધ સાધુઓને પ્રાસુક જળ, પકવાન્ન, દહીં, દૂધ અને ઘૃતાદિકવડે પ્રતિલાભતો હતો. તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંખ્યાબંધ શ્રાવક વર્ગને તેમના વયને અનુસારે પિતા, માતા, પુત્ર અને પુત્રી રૂપ કરીને દરરોજ પોતાને ઘેર ભોજન કરાવતો હતો. આ પ્રમાણે અખંડ વ્રતવાળો, અત્યંત પ્રશંસનીય અને દાન દેવાનાજ વ્યસનવાળો તે શ્રીમાન્ પ્રવર કાળક્રમે કરીને મરણ પામી સ્વર્ગે ગયો. ત્યાં નિરંતર શાશ્વતા અર્હંતોની મહા યાત્રાઓ કરવાથી ધર્મની નિર્મળ બુદ્ધિવાળો તે ઇંદ્રના જેવો (સામાનિક) દેવ આયુષ્યને પ્રાંતે વિચાર કરવા લાગ્યો કે–" પૃથ્વીને વિષે જે કોઈ યુગપ્રધાન શ્રાવક હોય તેનો હું પુત્ર થાઉં, પરંતુ મલિન કુળમાં ચક્રવર્તી પણ ન થાઉં." પછી હે રાજા ! અહીં તારા નગરના **ચિત્રશાળ** નામના પરામાં **શુદ્ધબુદ્ધિ** નામે શ્રાવક રહે છે. તેને **વિમલા** નામની પ્રિયા છે. બાર વ્રતને નિષ્કપટપણે પાળવાથી જેનું જીવિત ઉજ્વળ છે એવા તે શ્રાવકે આવા પ્રકારના દુર્ભિક્ષની વાણી સાંભળ્યા છતાં પણ અન્નનો સંગ્રહ કર્યો નથી. સારા સ્વપ્નથી સૂચિત થયેલો તે દેવ તેની પ્રિયાની કુક્ષિમાં અવતર્યો, અને અનુક્રમે તે સતીએ ગઇ કાલે જ તે પવિત્ર પુત્ર પ્રસવ્યો છે. તે મહા ભાગ્યશાળીના જન્મે તત્કાળ દુષ્ટ ગ્રહોનો જય કરીને બાર વર્ષના દુર્ભિક્ષને ભાંગી નાંખ્યું છે."

આ પ્રમાણે કેવળીની વાણી સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલો તે રાજા કેવળીને નમીને તત્કાળ તે શ્રાવકને ઘેર જઇ તે બાળકને પોતાના મસ્તકપર ધારણ કરી આ પ્રમાણે બોલ્યો કે–" દુર્ભિક્ષમાં ડુબેલા જગતનો ઉદ્ધાર કરનાર હે ધીર ! તને નમસ્કાર છે. મારા રાજ્યનો તું રાજા છે, અને હું તારો તલારક્ષક છું. " ત્યારપછી રાજાએ "આ બાળક દુર્ભિક્ષનો ભંગ કરનાર હોવાથી સાક્ષાત્ ધર્મરૂપજ છે. " એમ ધારીને તેનું **ધર્મ** એવું નામ પાડ્યું. પછી બીજા રાજાઓએ પણ આ વાત ચરપુરૂષો દ્વારા જાણીને પોતપોતાના દેશમાં ધર્મની આજ્ઞા પ્રવર્તાવીને તત્કાળ મેઘ વરસાવ્યો. વય તથા કાળને ઉચિત તથા વિચિત્ર વિચિત્ર સર્વ રાજાઓના ભેટણાંવડે નિરંતર આનંદમય તે બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. પછી સમુદ્રની પાસે નદીઓની જેમ ક્રમળ સરખા નેત્રવાળી અનેક રાજપુત્રીઓ વરવાની ઇચ્છાથી તે ધર્મ પાસે આવી. અને તેને પરણી સમગ્ર પૃથ્વીતળને વિષે જેની આજ્ઞા પ્રવર્તી છે એવો અને ગુરૂને વિષે ભક્તિમાન તે ધર્મિષ્ઠ ધર્મરાજા કર્મનો બંધ કર્યા વિનાજ અદ્‌ભુત ભોગો ભોગવવા લાગ્યો. ભોગ ભોગવ્યા પછી એ ધર્મરાજા તેનો ત્યાગ કરી ઉજ્વળ યોગબળનો આશ્રય કરીને કેવળજ્ઞાનના મહિમાને પામી મોક્ષે ગયો.

આ પ્રમાણે ભાગ્યવાન ધર્મના એ ભવનું વૃત્તાંત જાણીને સંપત્તિના આગમનને ઇચ્છનારા પુરૂષોએ સાતમા વ્રતનું સેવન કરવું યોગ્ય છે.

। ઇતિ ભોગોપભોગ વ્રત વિચારે ધર્મનૃપકથા ।

For Private And Personal Use Only